+ ચક્રવાક—પૈડાને. ઉચ્ચાર અથવા સારસ પક્ષી.

‡ ઉજડ વગર અથવા અનુસ્વર વગર વાંચીએ તો આ ગંગાડી આગગાડી વચાય.

† વિમાન—બલુનમાં.

કર્મવાદ.

ઉપજાતિ વૃત્ત.

રે સિંધુ રત્નાકર નામ તારૂં, કહે સહુ તે કુડ કેમ ધારૂં;
ફરજો નદી જે મુજનેજ કેરો, નકી હશે વાંક નસીબ કેરો.

દોહરા.

*વાંક કરમના આંકનો, સાંકતણો નહિ વાંક; ગજે ન રાજને રાંકને, ટાંક લખે નવટાંક.
વિષ્ણુ મળિ શકે દૈવ ગતિ, બનશે કેમ બનાય, કોણ કહે તું જે જશે, મહિપતિ મલ્હારરાય.

છપ્પા.

નર નારી બે હોય, પ્રજા તો ત્યાં પ્રગટાશે;
જીવ દેહ બે હોય, ક્રીયા તેથીજ કરાશે;
બીજ નીર બે હોય, તોજ તરૂવર ત્યાં થાશે;
દહન દારૂ બે હોય, જ્યોત થિર ત્યાંજ જણાશે;
એમજ ઉદ્યમ ને કરમનો, કરો વિચાર વિવેકથી;
જોડે જોડું તો જોઇએ, અર્થ સરે નહિ એકથી.
નર નારી બે માંહિ, મરદનો મહિમા મોટો;
જીવ દેહ બે માંહી, દેહનો દાવો છોટો;
બીજ નીર બે માંહિ, બીજ જોરાવર જાણો;
દહન દારૂ બે માંહિ, દહનને મુખ્ય પ્રમાણો;
એમજ ઉદ્યમને કર્મમાં, ઉદ્યમ ઉત્તમ જાણવો;
દિલમાં સમજી દલપત કહે, ઉર સંશય નહિ આણવો.

સોરઠો.

કોઈ કહે છે કર્મ, કો ઇશ્વર ઇચ્છા કહે;
મર્મી જાણે મર્મ, કાંઇક પણ તે છે ખરૂં.

---

* કાઠીવાડનો પોલીટિકલ એજંટ લાંગ સાહેબ તેને લોકો લાંક સાહેબ કહેતા હતા ને સાહેબની તરફથી આશા ભંગ થવાથી આ દોહરો કહ્યો હતો, તેમાંથી સાર સમજવાનો એટલે કે કોઈ માણસની તરફથી આશા ભંગ થઇએ તો તેનો વાંક નકાડતાં પોતાના નસીબનો વાંક જાણવો; અને આ દોહરો યાદ લાવવો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આપણ કરિયે પ્રાનો, એક કરી રીત; તેના ગણુ જાઈ અરે, નિર્ભય થવા નિચિંત.
જેને ઉદ્યમ આયને, પામશ ધન પ્રતાપ; પગ વિના અન્નસાજ પ્રમ, એવ ઉત્તો કરે આપ.
ઉદ્યમ બીજ વિમન વડે, તારી વિનય તવાય; આવિ ગઈ ઉદ્યોગ ત્યાગ, તો ધનની લઇ પાય.
કદેર વરના ફળ વિષે, પાવ ધનવની હોય; સાગર વમર તળાવમાં, મોટો મગર ન હોય.
ધર્મ ન મળે ધનવિના, ધનવિણ મળે ન માન, માનવિના ધીરજ તજે, વિણ મતિને વિદ્વાન.
ધર્મથી સેવા મટી, કે વિસારી ભ્રાંત; વળિ વમનાં ફુગમમાં, ન્યાય ન દરિદ્ર જાત.
ઉદ્યમ ઉપાયનો, વિશ્વ વિષે વાસ; જુગ તેહનાં ભેગડે, કાં આશા કે ત્રાસ.
ઉદ્યાપવાળી સર્વદા, કરશ જાણુ કામ; ઘરમાંથી રેબે ધણું, કહી દલપતરામ.

મનહર છંદ.

કોડી તુલી હોય તોય તેમાં લે ઉતારૂઓને, એને ખાડીમાં ઊંડા ઉતારવા કે તારવા;
વૈદ ભણ્યા વિનાનો વૈદ બની વૈદું કરે, એ તે એનું શરીર સંભારવા કે મારવા;
કામ ગોખ કપા કરી કહે જીતો કામ કોપ, એનો અગ્નિ ચારેલો ઉભારવા કે બાળવા;
લખે દલપત શસ્ત્રવિના જે સંગ્રામ સજે, એ તે શત્રુ સૈનને સંહારવા કે હારવા;

દોહરો.

આળસ તજિ ઉદ્યમ કરો, ચિતમાં કરી વિચાર;
સુખ પામે જન સર્વદા, વળિ સુધરે સંસાર.

મનહર છંદ.

દોહનું દરિદ્ર જવા આમ કરે આગ કરો, દેખો જ્યાં ઉદ્યોગ ત્યાં મુકામ કરો કામ કરો;
રળિને બે રૂપૈઆનો દામ કરો દામ કરો, નવા ધંધો રચાવા ઈનામ કરો નામ કરો;
નબળાને દાન બે બદામ કરો દામ કરો, રહો નહિ સુસ્ત હૈયે હામ કરો હામ કરો;
દેશ પીતી ઈર્ષાપો તમામ કરો ‡ માઝું કરો, દોસ્ત અરો દલપતરામ કરો રામ કરો.

દોહરો.

જો નર તું આ જગતમાં, ધનની ઈચ્છા ધાર;
તો વસજે વાસો કરી, વિશેષ જ્યાં વેપાર.

ધીમે ધીમે કામકરવા વિશે.

ઇંદ્ર વિજય છંદ.

ન ખાણુસ કુવો ક્ષણમાં ખણુતાંજ, ખણાય કુવો ખણતાં ખણતાં;
ન ચણાય હવેલિ પુરી પળમાંજ, ચણાય પુરી ચણતાં ચણતાં;

‡ માઝ–ગમતા.

ને વસ્તુ પુર પહોંચે [illegible], વસ્તુ પુર પહોંચી [illegible];
ને [illegible] દિનથી [illegible], [illegible] થાણું [illegible].

દોહરા.

[illegible] કામ નહીં, [illegible] થાય; [illegible] કરે, પાણીતણો [illegible]
કેક કામ [illegible], [illegible] રતવિણ ફળ લાગે નહિ, કરતાં કોટી ઉ
જે કારજ રસ્તે ચડે, પછિ [illegible]; [illegible] કરે, [illegible]
[illegible] પછિ [illegible], કામ [illegible]; પછિ [illegible], દિનભર નહિ
કામ [illegible] કારણ, કરવા ન [illegible]; [illegible], અભિમન્યુનો [illegible]
[illegible] પગથિયે, પગ કદિ નહિ પરઠાય; એક એક ઉલંઘતાં, ચઢિયે તેમ ચ
સાહસ કારજ જે કરે, તેની નીંદા થાય; પણ જો આવે ફાવતું, તો [illegible] વખણા
સિદ્ધિ ન પામે સમય વિણ, કેક કામ કરનાર; રસાળ[‡] ન ફળે રત વિનાં, રોતાં રાજકુમાર
કેક કામ કરનારનો, પછિ જશ વધે અપાર; દેખે નહિ ફળ દ્રષ્ટિયે, રાયણ રોપણહાર
ચાપકેળ કેળનાં બીજને, વાવે ફળ નહિ થાય; બીજ બિચારૂં બગડશે, મિથ્યા મહેનત
ઉત્તમ રચના એકદમ, સૃષ્ટિ વિરૂધ્ધની વાત; જળચર પછિ તરૂ પક્ષી પશુ, પછી રચી જનતણ
સુઘડ ઘડે નહિ એકદમ, જુઓ જગતનો તાત; દમસણને વિકટોરિયા, જુઓ બેય જનતણ
અણઘડ થઈ પછિ સુધરે, પછી બગડતું જાય; જનમે બાળ જુવાન થઈ, પછી શિથિલ[illegible]
વણ રસ્તે જન વિચરતાં, પાછો પડે સદાય; દડો જેટલા જોરથી, અથડાયો દદિ જાય
કેક કામ અભ્યાસનાં, પણ નહિ બુદ્ધિ પ્રકાશ; નટડી નાચે દોરપર, અકલ નહિ અભ્યા
જુગતે કરાવી જાણિયે, જડપણ કરશે કામ, વરાળ જંત્રો વિશ્વમાં, દેખો દસપતરા
કળથી કારજ નીપજે, બળથી તે ન કરાય; આગ ગાડિ દિન એકમાં, જુઓ દૂર બહુ જા
અપજશ[†] પણ શુભ કામનો, અપજશ નહીં ઉજાસ; અક્ષર માંસૌ શુભ ગણે, કાજળની કાળા
પ્રતિપક્ષીને પણ ગમે, ભલો શિરસ્તો ભાળિ; પરધર્મી પ્રીતે કરે, હિંદૂતણી દિવાળિ.
નિજકૃત સૌ નરનારને, વહાલું હોય વિશેષ; ચાંદનિ આડો ચંદરવો, બાંધે જાણી બેશ.
નિરખે ફરિ ફરિ નિજકૃતી, આપે ગણી અનૂપ; સુત નિજ જાણ્યો સિંધિયે, ફરાજકું વર અનુરૂપ
તેને કામ ન સોંપિયે, જે દિલગીર જણાય; આંખે પાટો બાંધિયે, જો તે દુખણી થાય.
વગર વિચાર્યું કામ કરિ, ધન મેળવવા ધાય; તે ગમારની ગાંઠનું, ગોપીચંદન જાય.

ચોપાઈ.

જોગી પાસે ઠગ જન જઈ, સ્થીર રહે ત્યાં ચેલા થઈ;
દુઃખ પડે તો થાય વિદાય, ગાંઠનું ગોપીચંદન જાય.

---

‡ આંબો. † સારૂં કામ કરવામાં અપજશ મળે તોપણ પરિણામે વખણાય.

ગજલિખા થઈ આવે મિત્ર, ફોગટ જ્યારે પ્રેમ પવિત્ર;
મતલબ સાધી ભાગે ભાઈ, ગાંડનું ગોપીચંદન જાય.
લલચાવી દેખાડે લાભ, આપે ડોકળ લેવા આભ;
ખુશી કરીને કોડી ખાય, ગાંડનું ગોપીચંદન જાય;
જગમાં જોયા કંગાળ ભેદ, સારપ ઘણી રાખે સ્નેહ;
અતિ અતિશય આગ્રહથી આય; ગાંડનું ગોપીચંદન જાય.
કરજ કરી પરણાવે પુત્ર, તે જૂદું માંડે ઘર સૂત્ર;
પીડા પામે માત પિતાય, ગાંડનું ગોપીચંદન જાય.
ઉદરિ બેઠે ઘાના ઉંક, અંતર મનુષ્ય ન જાણે ચીક;
કોઈ આગળ નહિ વાત કરાય, ગાંડનું ગોપીચંદન જાય.
કિમિયાગરનાં જોયાં કામ, દેખાડે નજરે બહુ દામ;
લોભી ધન લેવાને ધાય, ગાંડનું ગોપીચંદન જાય.
જે ચોરીનો રાખે માલ, તેમાં નહાનણો ગણે લાલ;
લાભ, લાજ, ને માલ લુંટાય, ગાંડનું ગોપીચંદન જાય.
કૃપણ મનુષ્યની નોકરિ કરે, અતિ આશા અંતરમાં ધરે;
ભુખે મરે, નહિ પેટ ભરાય, ગાંડનું ગોપીચંદન જાય.
દે પૈસાવાળાને દાન, એમ વિધ રાજિ થશે ભગવાન;
પુણ્ય કર્યું તેથી ન પમાય, ગાંડનું ગોપીચંદન જાય.
ખાર જમિનમાં વાવે ક્ષેત્ર, નિરખે નહિ ઉઘાડી નેત્ર;
લાભ કશો ત્યાંથી ન લણાય, ગાંડનું ગોપીચંદન જાય.
અરે સરવ સમજી લ્યો આમ, દિલથી કહેછે દલપતરામ;
વગર વિચાર્યું ધન વવરાય, ગાંડનું ગોપીચંદન જાય.

દોહરો.

એનુ કામ ન કીજીએ, મળે ન જેમાં માલ;
ઉલટું પેસે અંગમાં, ફાંસ કાઢતાં સાલ.

ફાંસ કાઢતાં પેસે સાલ.

ચોપાઈ.

ગરીબ જનની હરકત ગણી, જો જઈએ જોરાવર ભણી;
તેનો દાવ વધે વિકરાળ, ફાંસ કાઢતાં પેસે સાલ.
રદ કરવાને નાનો રોગ, કરે રસાયણનો ઉપભોગ;

બગડે શરિર કરે બેહાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
એક વખત ઉગરવા આંચ, લુચ્ચાને જો દઇએ લાંચ;
બચિત પછી નહિ છોડે ખ્યાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
જે રાજા જાણે નહિ ન્યાય, ત્યાં જઈ જો ફરિયાદી થાય;
કદિયે ત્યાંથી ન થાય નિકાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
વરને વશ કરવા ઉર ધરે, કામનિ ભોળી કામણ કરે;
ઉલટું વેર વધેજ વિશાળ, ફાંસ કાઢતાં પેસે સાલ.
ધનની મનમાં ઇચ્છા ધરે, જુગટા જેવો ધંધો કરે;
ઉલટી તનની ઉતરે ખાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
લોભી વૈદ કને જે જાય, ઓસડનો કરવા ઉપાય;
ઉલટો રોગ વધારે વાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
દિલમાં શિયાળિયાથી ડરી, સિંહ શરણ ઇચ્છે ઉરધરી;
હાણ કરે તનની તે હાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
સાચવવા સોનાની મહોર, ચોકી કરવા રાખે ચોર;
મૂરખ ખોઈ બેસે માલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
દુષ્ટ ગુરૂને દઈને માન, સુધારવા સોંપે સંતાન;
ચોગણિ ઉલટી વધે કુચાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
કૃતઘ્નિ જનની સેવા કરે, ઉરમાં અતિશય આશા ધરે;
તે ધીંગી મન જાણે ઢાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
કરે વિચારવિના જે કામ, દિલથી કહેછે દલપતરામ;
તુરતજ તેનો બગડે તાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.

દેખા દેખી કરવા વિશે.

દોહરા.

દેખા દેખી જે કરે, વણ સમજ્યો તે વ્યર્થ; વગર ભણ્યો લીટાં લખે, એમાં ન મળે અર્થ.
ઈશ્વર દત્તક ગુણ વિના, દેખા દેખિ ન થાય; સોનું તરે ન જળ પરે, કાષ્ટ થકીજ તરાય.
જેનું કારજ જે કરે, બીજો કરે બગાડ; તાળું ઉઘાડી નવ શકે, કડકા કરે કુહાડ.

ચોપાઈ.

હાંબા જોડે દુકો જાય, મરે નહીં પણ માંદો થાય;
તે માટે તક જોઈ તમામ, શક્તિ વિચારી કરિયે કામ.
દેખા દેખી સાધે જોગ, પડે પંડ કાં વાધે રોગ;

ગણે મૂર્ખમાં સઘળું ગામ, શક્તિ વિચારી કરિયે કામ;
શીંચાળો‡ જળ મધે સ્હાય, મચ્છી પકડી પાછો જાય;
કામ મરાય કરે નેઆમ, શક્તિ વિચારી કરિયે કામ.
ઘર ધણી સંગ્રામે જાય, બાળકનું મન ઉંરકેરાય;
ઠોકર ખાઈ મરે તે ઠામ, શક્તિ વિચારી કરિયે કામ.
શ્રીમંતો બહુ લાણાં લાવ, કુલણુંજ* દેખી ફૂલાય;
દુખે મરે ખરચીને દામ, શક્તિ વિચારી કરિયે કામ.
જ્યાં વાગે તરઘાયાં ઢોલ, બોલે સૌ હિંમતના બોલ;
ભાંડો મરે ધરે જો દામ, શક્તિ વિચારિ કરિયે કામ.
સહસા કામ ન કરવું કદી, અનુભવવું એકાંતે રહી;
પછી થશે કેવો પરિણામ, શક્તિ વિચારી કરિયે કામ.
આગળ આવી પાછો ફરે, માણસ તેની મશ્કરિ કરે;
વળતી નપડે પળ વિશ્રામ, શક્તિ વિચારી કરિયે કામ.
નાગા બાવાથી જે થાય, સંસારીથી કદિ ન કરાય;
બાવાને શેનું બદનામ, શક્તિ વિચારી કરિયે કામ.
જોગીંદ્ર કે નાગો જન જેહ, તમા વગરના હોયજ તેહ;
શીદ કોઇને કરે સલામ, શક્તિ વિચારી કરિયે કામ.
નટ દોરે નાચે ને ફરે, જો બીજો જન એવું કરે;
જાય જરૂર તે જમને ધામ, શક્તિ વિચારી કરિયે કામ.
સમજી લ્યો શીખામણ સાર, કહ્યું સાચું કોટીક્વાર;
દાખે મુખથી દલપતરામ, શક્તિ વિચારી કરિયે કામ.

અપૂર્ણ ઉપાય વિષે.

દોહરા.

દી અપૂર્ણ ઉપાયથી, કામ બનું ન કરાય; ફૂંકે કાગળ સાંધિયે, જોતાં ઉખડિ જાય.
જાય નદિયો તૂંબડે, આરપાર ઉતરાય, સાગર સંપૂરણ બધો, તેતો નહિ તરાય.

ચૌસ છંદ.

નદી નાની નો તુંબડાથી તરાય, કદો સિંધુ તેથી તર્યો કેમ જાય;
સિગુ રોગને સોયનો ડામ થાય, નહિ ઉંટના રોગનો એ ઉપાય.
કુવો એક પાસે કદી ના ખણાય, ભણ્યું તાં નહિ વેદ આખો ભણાય;
ચડે પેમડે કેમ દિલ્લી મશુલ, ઘડીમાં નહિ આમ પાકી મસૂલ.

‡ શીંચાળો–હારો. * જમો–એટલે મોટા જમન કરી શકે તેવો શ્રીમંત.

દોહરા.

બે જણ નેમ્યા હોય ત્યાં, એક સરે ન અર્થ; બે કમાડ ને બારણું, વાસ્યું એક તે
કશું ન નિપજે એકથી, ફોગટ મન ફૂલાય; કમાડ તાણું બે મળી, ઘરનું રક્ષણ
જોઇએ તેમાં એક પણ, ઓછે નહિ નિભાય; પાયા, ઇસો, ઉપળાં, મળી ખાટલો
એક રૂપૈઓ સાંપડે, નાણાવટુ ન થાય; મળે સુતરનો ગાંગડો, ગાંધી નહિ થવા
કારજ સહાયતા વિના, કરી શકે નહિ કોય; કહો હથોડો શું કરે, જો નહિ હાથો હોય
નિશ્ચે નિયમ પ્રમાણમાં, કસર કરી ન શકાય; રંગ જેટલો નાંખિયે, તેવું પટ રંગાય
ચાકર અલ્પ પગારનો, હોય ન ચોખી ચાલ; જરૂર જાણો જગતમાં, મૂલ પ્રમાણે માલ
પોતે કરવા યોગ્ય તે, પરને સોંપે કામ; તે પણ પછિ પસ્તાય છે, દિલમાં દલપતરામ.

આળસ વિશે.

દોહરા.

આળસ ભૂંડી ભૂતડી, વ્યંતરનો વળગાડ; પેસે જેના પંડમાં, બહુધા કરે બગાડ.
જનઆળસના ઝખમથી, જેકોઈ ઝખગી થાય; પડે પથારી પાથરી, જીવનરહિત જણાય
ભ્રષ્ટ કરે ભણનારને, ઉપજી આળસ અંગ; ભક્તી કરતાં ભક્તને, કરે ભજનમાં ભંગ
અધ ઘડિ પછી જઈશ હું, દેતિ દિલાસા એમ; વગર ખશેડી નવ ખસે, જળોઈ વળગે જેમ
આળસમાં દુઃખ અતિ ઘણાં, ભર્યાં રહે ભરપૂર; તે માટે સજ્જન તમે, કરો દેહથી દૂર
કદી આપણા કામનો, કોઈ કરે અટકાવ; તે જુલમીપર કીજીયે, જઈ રાજને રાવ
જુલમી આળસ ઉપરે, કયાં કરિયે ફરિયાદ; વ્યર્થ અમુલ્ય વખત કરે, ફોગટ કરી ફિસાદ

વિદ્યા મહિમા.

દોહરો.

વિદ્યા બીજ વિગત વડે, વાડી વિનય વવાય;
આવિ ઠરે ઉદ્યોગ જળ, તો ધનનાં તરૂ થાય.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

વિદ્યા વેલડિને વિચાર જળથી, સીંચી સદા કાળમાં;
શાખા પાન સમાન જ્ઞાન પસર્યું, આકાશ પાતાળમાં;
ફૂલ્યાં ફૂલ કળા કુશલ્ય ફળતો, ફાલ્યાં ભલી ભાતનાં;
અમીના રૂપ આગબોટ બહુનો, જંત્રો જુદી જાતનાં.

મનહર છંદ.

વિલાયતી વાજાં તાજાં સરસ રચેલાં સાજાં, આવીને બિરાજયાં જેણે શોભાઅતિઆણી

... ભારતી, ગુણી ગુણે ...રે ... કરે, ... કુમાર્ગાદિક ...
...નું તે ... આ ... ગત ..., ... ગુણી ... છે;
... શાસ્ત્રો ... હોય ..., ... વિના તો ... છે.

દોહરો.

જેમ વધે વિદ્યા ઘણી, તેમ ...;
... નમે ઉપરે, ... દીન ...

મનહર છંદ.

...દાર મેળવવા ઉપાય કામ કરવાને, ... પોતાના શરીરને ...;
... પ્રાણીને તો પરમેશ્વરે આપ્યાં છે ..., ... દીધા જોરથી ...;
... પ્રભુએ આપ્યું પુંછડું પરમ ..., ... તો ... આપ્યા મદામણે ...;
... દલપતરામ જગ કરનારે આપી, માણસને વિદ્યા સર્વ કારજ સુધારવા.

દોહરો.

સાંભળ માત સરસ્વતી, તુજને લક્ષ્મી ...;
ભણનારા ઉપજ્યા ..., ભણનારાની ભૂખ.

મનહર છંદ.

...પળી કપન કહે કાગળને હિમતથી, હિમત વિચારી તારી દીસે બે બદામની;
...તો સુખે વસું કદી ખસું ન દહેલી ગેલી, તું કરે ગુમાન જે ગુલામી ભલા ગામની;
...ગળ કહેછે મારી પ્યારી તું વિચારી બોલ, કંપની કમાઇથી કલેસ કરે કામની;
...ગળ જો આમળ નજર રાખતો નહોય, હોય તું તો એવી જેવી કોથળી હજામની.

દોહરા.

...ન,વિદ્યા,અધિકારની, જોતાં હદ ન જણાય; આ ત નહિ આકાશનો ગરૂડો ગોપાં ખાય.
...સર્વ કળાનું કોઈથી, ધરાય નહિ અભિમાન; જુઓ કળા કુંભારની, શું જાણે વિદ્વાન.
...જે વિદ્યામાં જે કુશળ, તે જાણે તે મર્મ; પંડિત જન જાણે નહિ, કુંભકારનું કર્મ.
...આવે જે ઉપયોગમાં, ઉત્તમ વિદ્યા એહ; ભણ્યો ગણ્યો ભૂખે મરે, તો નર ન ભણ્યો તેહ.
...વિદ્યા, વનિતા, વેલિ,ધન, જુઓ ન ગુણ કે જાત; જેને સહવાસે વસે, રહે તેપિ રળીયાત.
...ગુણ દુર્ગુણ દિલ ના ગણે, રૂપે નહિ રીઝાય; વિદ્યા,વનિતા,વેલ,વસુ,જ્યાં વળગે ત્યાં જાય.
...બુદ્ધિ ને તરવાર તે, વાવર ત્યાં વવરાય; સ્નેહીનાં કે શત્રુનાં, છેદે શિર છેદાય.

ઈંદ્રવિજય છંદ.

બાળક તું પ્રતિપાળકને, દુઃખ ટાળક દેખિ ભલે ભજિ લેજે,
જાણિ શકીશ અજાણપણું, તજિ જાણિશ જો જુગતી ચિત જેજે

લોક અને પરલોકતણી ગતિ, તેમ ત્રિલોકતણી ગતિ તેજે;
દીન બની દલપત્ત કહે નિત્ત, દેવિ સરસ્વતિમાં દિલ દેજે.

દોહરા.

દશે ન વિદ્યા આદરે, સોળે ગુણ ન પ્રકાશ, વીશે સુત સુધર્યો નહિ, તો સુધર્યાની ન આશ.
ભણીને સુધરે બાળપણ, તો જીવતર ઉતકર્ષ; ચોમાસું સુધર્યા થકી, સુધરે આખું વર્ષ.
નહિ લૂખી છે ચોપડી, રસ જો હૃદય ધરીશ; પોષણ થાશે પંડનું, અક્ષર પદ પામીશ.
વિદ્યા ભણાવનાર કે, જે ઓસડ પાનાર; પ્રથમ શત્રુ સમ લાગશે, પણ અંતે ઉપકાર.
તૂટે દરિદ્ર તેહનું, ભલિ વિધ હોય ભણેલ, કીકી છે તો કોઈ દિન, મટે આંખનો મેલ.

મનહર છંદ.

કાચલીમાં ખાતે તેણે કાચ લીધો જોવા મુખ, નાચ તો ન પડે તે ઘેર નાચ તો પડાવે છે;
કાવાદાવા કરતો તે કેવી રાખે કાવાદાની, કાઠીયોને વેડતો તે તો કોઠિયો ઘડાવે છે;
કોશ હાંકતો તે જવા કોશ હામ ધારે નહિ, કોટ વાળતો તે કોટવાળને અડાવે છે;
કેળ વાવતો તે કેળવાઇને થયો છે કેવો, કેવડો પાતો તે ઘોડો કેવડો દોડાવે છે.

દોહરા.

તે નર સુધર્યો તે ભણ્યો, બુદ્ધિમાન પણ તેહ; ભુલે નહિ ભગવાનને, ડરે દોષથી જેહ.
વિદ્યા રસિક જી વાંચિને, અંતર સમજો આગ, પ્રીતે નીતી પાળવી, દાખે દલપતરામ.

મનહર છંદ.

અરે મનસુબા થાણું થાપવા ઠેકાણું શોધી, કુઠેકાણું તજી સુ ઠેકાણું જોઈ ઠરીએ;
દૂર થકી આસની રમૂજ રૂપી હવા હોય, જ્યાં સુબોધની ઉજાસ વાર ત્યાં વિલસીએ;
કુટિલ કપટી ન કપટ કરી શકે કોઇ, નીતિ ખુશબોઈ જોઈ બોઇ કેમ ખસીએ;
ઠરવાનું ગણી ઠામ કહે દલપતરામ, તજી અન્ય આળય વિદ્યાળયમાં વશીએ.

દોહરો.

સોનું ને શ્રીમંત જન, મોંઘાં હજો હમેશ;
સાધુ પંડિત પાણી પવન, સોંઘાં હજો સુરેશ.

નિબંધ લખવાની રીત.

શેનું બનેલું છે તેથી બનાવ્યાનું કારણ શું, કારણ બતાવો આગો અંગના આકારનું;
અને શા શા ઉપયોગે એ વિના શી અડચણો, હોય તે બતાવો બીજું જોજો એની હારનું;
જંગલીથી સુધરેલા જનોમાં જેવું જણાય, પછી એનું વર્ણન એવા અનુસારનું;
કહે દલપતરામ કહ્યાં કહ્યાં છે કયું નામ, જો લખો લખાણ લખો એટલા વિચારનું.

દોહરો.

દઈએ જો દ્રષ્ટાંત તો, શોભે સઘળી વાત;
જેમ ભલાં ભૂષણ થકી, શોભે જુવતી જાત.

શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.

જે વિદ્યા ધન ધાન્ય માન્ય ફળદા, જે દેશ દાઝે જુઓ;
ને વિદ્યા સુતને સદૈવ શિખવો, ખાલી ન વેળા ખુઓ;
જે વિદ્યા ભણત્રાપિ ભિક્ષુક રહે, તેતો કશા કામની;
જૂની જેહ નદી થઈ જળ વિના, તેતો નદી નામની.

નિશાળ.

આર્યાવૃત્ત.

સુપાત્ર કરિ શોભાવે, સુઘડ ઘડી ઘાટ સૌ યદી સારા;
કુપાત્રતા દૂર કાઢે, શિક્ષક કે શ્રેષ્ટ કંસારા.

મનહર છંદ દ્વિઅર્થી.

ઘડતાં ઘડાતાં આણઘડ જ્યાં સુઘડ થાય, કઠણનાં કાળજાં અભેદ જ્યાં ભેદાયછે;
વાંકાં મટી શીધાં થાય મલિનતા મટી જાય, ઓપડાંને રસે તે ચળકતાં કરાયછે;
જુદી જુદી જાત એક સ્થાનમાં જોડાઇ જાય, અને પછી જુઓ એના અંગમાં બીડાયછે;
ઘય ઘડ બીજે દામ કહે દલપતરામ, આનો શાળા અરથ ઘડાની ઓળખાયછે.

ઉપજાતિ વૃત્ત.

ખગોળ ભૂગોળ તણાજ ગોળા, દિસે રૂડા નારિ નિશાળ ટોળા;
જુઓ નકાશા પટચિત્ર નાળાં, વિચિત્ર વસ્ત્રો રચિયાં રૂપાળાં.

દોહરો.

શીક્ષક કહેછે શીષ્યને, ભણ્યુ વિદ્યા ભૂગોળ;
ખૂબ એશિયા ખંડની, ખરી કરીશે ખોળ.

હરિગીત છંદ.

રૂશિયાન તુર્કસ્તાન ચીન ઇરાન એતો ચારછે,
જપાન ને અફગાન વળિ તીબેટ ને તાતાર છે,
શીયામ હિંદુસ્તાન બલુચિસ્તાન એ આગ્યારછે,
અદારેસ સુધી એશિયામાં દેશિયા એ બારછે

દોહરો.

ખરે કેમ ખંત કરે, ઉદ્યમ કરે અપાર, પણ પ્રભુની કરુણા વિના, ભણ ન થાય લગાર.
આદ સૌ ઉદ્યોગમાં, પુરો ધરીને પ્રેમ; પ્રભુની કરૂણા માગવી, ભણે તે વધે ક્ષેમ.

દેશાટન વિષે.

દોહરા.

વિદેશમાં વિચર્યાવિના, પેટ ન પૂર્ણ ભરાય, પશુઓ પણ પરભાતથી, જંગલ સર
ઘેર રહે લક્ષ્મી ઘણી, હોશે કેમ હમેશ; રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ
વિદ્યા સદ્ગુણ વિનયતા, હોય ચપળતા હામ, ડરે ન પરદેશે જતાં, દેખે તે નર દામ
વિદેશમાં વિચર્યાં વિના, મળે ન મોટું માન; સમુદ્રમાં વખણાત શું, સીપતણાં સ...
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ; પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મળ કરવું નામ
જો ધનની ઇચ્છા ધરો, તો ખરૂં માનિ ખચીત, મહા સમુદ્ર મથન કરો, એજ અનાદી...
પ્રયાણ કરિ પરદેશમાં, પરવરિ લાંબે પંથ; કોટિકળા કૌશલ્યના, ગુણિજન લાવે ગ્ર...

મનહર છંદ.

શૌર્ય ધરી શૂરવીર સંચરી સંગ્રામ સજે, ઢાલ આડી ના ધરે તો કેમ રહે કોટ
ઝાલી સમશેર પછી ઝાલતાં ન ઝાલ્યા રહે, શત્રુતણું છેદે શીર ચાહી ચડિ ચોટમાં.
હાર જીતનો વિચાર હોય ન લગાર હૈયે, ખુશી ખુશી રહે ખૂબ ખૂબ લાભ ખોટમાં;
તેમ જો વિશેષ દાઝ દીલ લે સ્વદેશતણી, વેષ લે વિદેશનો ને બેશ આગબોટમાં.

દોહરા.

સો જોજન સમ ચોરસે, દૂર તજ્યો જ્યાં દેશ; સમજ પુરૂષ શા માત્ર છે, વેંત સાતનો વેષ
દુઃખમાં મોટમ મેલિયે, દૂખમાં તજિયે દેશ; અળગો ફરિયે અતિ દખે વરણ જાતિનો વે...

કેમીનું નામ કે તે જ્યાનું જાણવું; ખાતિ, દાતરની દગ્લ તે [illegible] જાણવું;
[illegible] મધ્યાદીને ધારેલો નજર [illegible], [illegible]
[illegible], લોપ, [illegible], તેના [illegible], [illegible]
[illegible] સુમાર [illegible] કરે [illegible]; [illegible] સુમતરીનું મંદિર, મગનું [illegible].

દોહરો.

સુખ જાય પરદેશમાં, કરતાં પામે સિદ્ધિ;
[illegible] સુધીમાં [illegible], [illegible] સમૃદ્ધિ.

સંપવિષે.

દોહરા.

[illegible] સગે સજ્જન સઉ, ત્યે હૈ સુખ થાય; સંપ વિના ઉદ્યોગ તો, જરૂર નિષ્ફળ જાય;
જ્યાં જાંય સંપી વસે, તેને દુઃખ ન થાય; કરી રજાય ન કહ્યું સમું, પુરી ગુજાર કરાય.
[illegible] કાજ પણ સદનમાં, ઝાઝા મળી કરાય; [illegible] જણા એકેક છે, [illegible] તજો [illegible]
[illegible] જાનડો એકલો, તેને દરકત થાય; મરે એકલી સોગટી, જુગ નહિ મારી જાય.

ઇંદ્રવિજય છંદ.

ચોરસમાં ચતુરાઇ ઘણી, સમજે નહિ તે અમણું શિર કૂટે;
એકલિ ગોટીને દાબવા, છળ ભેદ ભરી બહુ સોગઠિ છૂટે;
જો જુગતે જુગ જાય મળી, પછિ તે તણું મસ્તક તે નહિ તૂટે;
દોસ્ત સુણો દલપત કહે, ફરિ જાય ગરી ખરિ જો જુગ ફૂટે.
ત્રાહિત વીર વચે ન પડે, વચમાંહિ પડેલ મરે નહિ વાંધો;
દાળ મળી રસરૂપ દિસે ન, વિના જળ જો રૂડી રીતથી રાંધો;
કાપડ સાળુ કદી ન બનેજ, ગમે સમ ગાંઠ બરાબર બાંધો;
ત્રાહિત તંતુ મળે દલપત્ત, મળે સુખદાયક સુંદર સાંધો.

દોહરા.

અણુખનારવાળા ગળે, ગરે એકકે બેય; પાણીને પાવક મળ્યાં, કહોજી કેમ રહેય.
બેની લડાઈમાં પડે, જન તે માર્યો જાય; ધંટીના બે પડવિષે, દાણા પણ દળાય.
સજ્જન આ સંસારમાં, સગાં ભલાં કે સંપ; પડી ફાટ પાષાણમાં, લાગ્યું વચમાં સંપ.‡
સંપ કરે કિંગત વધે, ઘટે કરે મન રીસ; થાય આંક સુખ ફેરવે, ત્રેસઠના છત્રીસ.

‡ પથરામાં ફાટ પડે તો ત્યાં સાંપડુ ઘાસ ઉગીને પોતાનું વતન કરેછે.

દેશાટન વિષે.

દોહરા.

વિદેશમાં વિચર્યાવિના, પેટ ન પૂર્ણ ભરાય, પશુઓ પણ પરભાતથી, જંગલ
ઘેર રહે લક્ષ્મી ધણી, હોશે કેમ હમેશ; રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ
વિદ્યા સદ્ગુણ વિનયતા, હોય ચપળતા હામ, ડરે ન પરદેશે જતાં, દેખે તે નર
વિદેશમાં વિચર્યા વિના, મળે ન મોટું માન; સમુદ્રમાં વખણાત શું, સીપતણાં સં
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ; પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મળ કરવું નામ
જો ધનની ઇચ્છા ધરો, તો ખરૂં માનિ ખચીત, મહા સમુદ્ર મથન કરો, એજ અનાદી
પ્રયાણ કરિ પરદેશમાં, પરવરિ લાંબે પંથ; કોટિકળા કૌશલ્યના, ગુણિજન લાવો

મનહર છંદ.

શૌર્ય ધરી શૂરવીર સંચરી સંગ્રામ સજે, ઢાલ આડી ના ધરે તો કેમ રહે કોટ
ઝાલી સમશેર પછી ઝાલતાં ન ઝાલ્યા રહે, શત્રુતણું છેદે શીર ચાહી ચડિ ચોટમાં.
હાર જીવનો વિચાર હોય ન લગાર હૈયે, ખુશી ખુશી રહે ખૂબ ખૂબ લાભ ખોટમાં;
તેમ જો વિશેષ દાઝ દીલ લે સ્વદેશતણી, વેષ લે વિદેશનો ને બેશ આગબોટમાં.

દોહરા.

સો જોજન સમ ચોરસે, દૂર તજ્યો જ્યાં દેશ; સગજ પુરૂષ શા માત્ર છે, વેંત સાતનો વે
દુઃખમાં મોટમ મેલિયે, દૂખમાં તજિયે દેશ; અળગો કરિયે અતિ દુખે, વરણુ જાતિનો

ઇંદ્રવિજય છંદ.

વાંચી પ્રવાસની વાત વિશાળ, અહો ધનવંત વિચાર ધરોરે;
ઊંદર જેમ રહે દરમાં, ઘરમાંજ ઘલાઇ તમે ન ઠરોરે;
દેશ વિદેશ વિશેષ જુઓ, દલપત્ત કહે દિલમાં ન ડરોરે;
બુદ્ધિ પ્રકાશ પ્રકાશિત તેમ, તજી ઘરવાસ પ્રવાસ કરોરે.

દોહરો.

મુકામ કે વિશ્રામથી, છેટે જતાં ખચીત;
સર્વ ચીજ સંભાળવી, આ બે બોલિ કવીત.

મનહર છંદ.

પાણી પાત્ર, ગળણું, ને દોરી, પાણિયારૂં મારૂં, ભોજન માટે રસોડું ભોજન ભાતાનું છે;
નાવણીયું એજ મારે નિત્યનો નાવાનો ચોક, અબોટિયું એજ શણગાર સજવાનું છે;
દેવ પુજા, દીવાસળી, તેતો દેવ સ્થાનક છે, પલંગ, સમાન સંગે સુંદર બિછાનું છે;
દેખી લે મુસાફર તું કહે દલપતરામ, કાયળો મુસાફરીનું મંદિર મજાનું છે;

ગીનું નાણું છે તે જાણું ખંતનો ખાસો, દફતરને દવાત તે દિવાન પાનુંછે;
પાન સોપારીનો વાટવો નજર બાગ, દવાખાનું ખાસું એઠ પેટકું દવાનું છે;
ા;સોય, દોરા,છરી, તે તો અસ્ત્ર શસ્ત્ર સારાં, છત્રિ છત્રપતિતણું ચિન્હ તે ક્યાં છાનુંછે.
ી તે મુસાફર તું કહે દલપતરામ; કોથળો મુસાફરીનું મંદિર મજાનું છે.

દોહરો.

પુરૂષ જાય પરદેશમાં, રળવાં પામે રિદ્ધિ;
જન્મ ભુમીમાં જઇ પછી, શોભાશે સમૃદ્ધિ.

સંપવિષે.

દોહરા.

પ સજો સજ્જન સહુ, સંપે સૌ સુખ થાય; સંપ વિના ઉદ્યોગ સૌ, જરૂર નિષ્ફળ જાય;
ા બધુ સંપી વસે; તેને દુઃખ ન થાય; કદી દળાય ન કણુસહુ, છુટી જુવાર દળાય.
ટ કાજ પણ સહજમાં, ઝાઝા મળી કરાય; લાખ જણા એકેક દે, લાખ તણો ઢગ થાય
યરે આતો એકલો, તેને હરકત થાય; મરે એકલી સોગઠી, જુગ નહિ માર્યો જાય.

ઇંદ્રવિજય છંદ.

ચોરસમાં ચતુરાઇ ઘણી, સમજે નહિ તે અમથું શિર કૂટે;
એકલિ સોગઠિને હણવા, છળ ભેદ ભરી બહુ સોગઠિ છૂટે;
જે જુગતે જુગ જાય મળી, પછિ તે તણું મસ્તક તે નહિ તૂટે;
દોસ્ત સુણો દલપત કહે, ફરિ જાય મરી ખરિ જો જુગ ફૂટે.
ત્રાહિત વીર વચ્ચે ન પડે, વચમાંહિ પડેલ મટે નહિ વાંધો;
દાળ મળી રસરૂપ દિસે ન, વિના જળ જો રૂડી રીતથી રાંધો;
કાપડ સાજુ કદી ન બનેજ, ગમે સમ ગાંઠ બરાબર બાંધો;
ત્રાહિત તંતુ મળે દલપત્ત, ગણે સુખદાયક સુંદર સાંધો.

દોહરા.

ત્રાજૂ બનાવવાળા મળે, મરે એકેક બેય; પાણીને પાવક મળ્યાં, કહોજી કેમ રહેય.
બેની લડાઇમાં પડે, જન તે માર્યો જાય; પંટીના બે પડવિષે, દાણા પડ્યા દળાય.
સજ્જન આ સંસારમાં, સગાં ભલાં કે સંપ; પડી ફાટ પાતાળમાં, લાગ્યું વચમાંસ પ.‡
સંપ કરે કિંગન વિષે, પરે કરે મન રીસ; થાય અંક સુખ ફેરવે, ત્રેસઠના છત્રીસ.

‡ પથરામાં ફાટ પડે તો ત્યાં સાંપડું ખાસ ઉગીને પોતાનું જતન કરેછે.

દુખી જીવતર વિષે.

છપ્પા.

રહે શરીરમાં રોગ, જરાન આવી દેહ ગળગ્યું;
ભણ્યો ન વિદ્યાભ્યાસ, કરજ છુટે નહિ આગળું;
ગશે કુટુંબ કુસંપ, કલેશ કામિનિ નહિ છોડે;
પામી પુત્ર કુપાત્ર પુત્રી બાળાપણ રાંડે;
અહોનિશ વસ્તુ ઉદ્યમવિના, તૃષ્ણા અધિક અપારછે.
આ જગમાં એવા પુરૂષનું, જિવતર તે દુખકારછે.

સુખી જીવતર વિષે.

રોગ રહિત તન રહે, અધિક વિદ્યા અભ્યાસી;
પાળે આજ્ઞા પુત્ર, સદા પરઆશ નિરાશી;
મધુર વાચા માનની, કરજ શિરપર નહિ કોડી,
ચિત્ત સદા સંતોષ, પ્રીત સજ્જન સંગ જોડી,
વળિ દિવસ દિવસ વધતો દિસે, સંપ કુટંબી વર્ગમાં;
પછિ તે યદિ હું નથિ પ્રીછતો, સરસ કાંઇ સુખ સ્વર્ગમાં;

ગરબી.

દેશમાં સંપ કરો સંપ કરો, દીલે દેખી કુસંપથી ડરોરે; દેશમાં૦
હાંરે જે કોઇ સંપ તજીને સુખ માગે, તેના સૂતેલા શત્રુ જાગેરે; દેશમાં૦
હાંરે તજિ સંપ લડાલડી આવે, તેમાં તુર્ત ત્રીજાને ફાવેરે; દેશમાં૦
હાંરે જે કોઈ વીઘા જમીન સારૂ લડતા, રાજ ખોઇને રહ્યા હવે રડતારે; દેશમાં૦
હાંરે હજી હઇડે વિચારી નહીં જોશો, ખરેખાતે છે હાથમાં તે ખોશોરે; દેશમાં૦
હાંરે તમે ટંટા ધરમના ટાળો, જેજે પ્યારો લાગે તે ધર્મ પાળોરે; દેશમાં૦
હાંરે છળ દગા કપટ દો છોડી, આખા દેશની થઇ આબરૂ થોડીરે; દેશમાં૦
હાંરે કરી સંપ કાંઇ હુનર હલાવો, ફરી દેશની વખત ફેરવાવોરે; દેશમાં૦
હાંરે કોઇનું સારૂં દેખીને શીદ દાઝો, તેને બુડાડી મારવા ન બાઝોરે; દેશમાં૦
હાંરે વાંચો દલપતરામની વાણી, પક્ષપાતવિના સત્ય પ્રમાણીરે. દેશમાં૦

કેફ વિષે.

દોહરો.

કેફ કિરીટ ‡ધરો કરે, કે ફકિરીધર કોક;
નરકે શીકે મુખ પડે, નર કેફી કહે લોક.

---

‡ કીરીટ ધર—મુગટ ધરનાર.

મનહર છંદ.

[illegible] આપસને [illegible], [illegible];
[illegible] મહાજનથી, [illegible];
[illegible], [illegible];
[illegible], [illegible] મુકાવશે.

દોહરો.

જે [illegible] છે. તે [illegible] ધરિ મુખ;
પછીથી પીનાર જન, સુખ માનીને કે દુખ.

મનહર છંદ.

[illegible] જેમ જેમ, તેમ તેમ પીનારના મોઢાને [illegible] છે;
પાત્રમાં [illegible] જેમ પ્રજળે છે, તેમ તેમ પિનારનું કાળજું પ્રજળે છે;
[illegible] જેમ જેમ ધુમ ઉઠાવે છે, પિનારની આંખના ડોળા ઉઠાવે છે;
[illegible] શુદ્ધ થઈ જાવે, શુદ્ધ બુદ્ધ [illegible] એ વારે છે.

ગીતિવૃત્ત.

આત્મ મહાત્મ જેથી, કરે આમેનન, હરે શરિર શુદ્ધી;
ગાંજાના ખોનારો, બનશે મુરખ ગુમાવિને બુદ્ધિ.

ઇંદ્રવિજય છંદ.

પ્રશ્ન પુછયો નિજપ્રીતમને, એક ભામનિમાં એક કામનીએ;
અક્કલ કીયું બને કે બને નહિ, જે મુખ માંહિ અફીણ લીએ;
કંથ કહે ઘટતી નથિ અક્કલ, કારણ હું કહું ધાર્ય કીએ;
કોઈ પ્રવીણ અફીણ પિયે નહિ, અક્કલ† હીણ અફીણ પીએ.

દોહરો.

અફીણીઆના આમના, નજરે નિરખો હાલ;
એ ઉપરથી જાણજો, અફીણમાં શો માલ.

ઇંદ્રવિજય છંદ.

રામ સમા રણ રંગ વિષે, બળ રાવણને રણમાં રગદોળ્યો;
કંસતણો નિરવંશ કર્યો હરિ, ચાયણની સમ ચાણુર* ચોળ્યો.

---

† જેનામાં અક્કલ નહોય તેવાજ અફીણ પીએછે માટે તેવાની અક્કલ ઘટેજ ક્યાથી જેમકે નાગો લુટાય નહીં; તેમ.

* ચાણુર-કંસનો મલ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ભુજંગી છંદ.

ભણી તો થશે તેને હશે તે કહેવું, ભલા કોઈને ગોખિ આણી ભણેલી.
વિચારી વિવેક વધુ વાવરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
ખરૂં આંખમાં તે બેશક ધરાવી, ભલા તેનિ પામેલિ કેરી ધરાવી;
નહિ ઉંઢરે પર નેથી તરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
સદા સદ્ગુણી જ્યાં હશે નાર જ્ઞાની, ભલા તેથિ તે નેહથી તે ભજાવે;
ગ્રહમાંહિ શોભાવશે સાચરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
કર્યું પાપ તે ક્રોધના કાળી, દયાથી ન જાણી કહ્યા કાળી.
છકી ભ્રષ્ટ તેને જતી હેતરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
ભણે તો કદી વિદ્યાથી ભાગ્યમાં, કરે તેથી અજ્ઞાન ને આળસાઈ;
નહિ કેમ મરે કસે તે કરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
ન જાણે હમેશાં ગુરુ હોય પાસું, કદી કાજ શોધી પછી જાય કાશું;
નિમે તોય ભંડાર વિદ્યા ભરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
સુ વિદ્યાથિ સંતોષને મોક્ષ પામે, સુ વિદ્યાથિ સારી સદાચારી જામે;
સુ વિદ્યા વડી ધીર રાખે ધરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
સુ વિદ્યા સખીની પડે મુખ આપે, સુ વિદ્યા કુમારીતણાં દુઃખ કાપે;
સુ વિદ્યાથિ સંભાળશે ટેકે કરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
ભણેલી ભલી બાળ થાશે સભાગી, ભણેલી ગણાશે સદા સદ્ગુણી;
સુખે સંપને રાખશે સંઘરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
ભલીભાત જેણે ન વિદ્યા જાણી, પિતા માતને પાપની પેઠ આવી;
અની થાય આપે પિતા ઉગારીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
નહિ જે ભણી તે નથી નેક દીઠી, છતી સદ્ગુણો તે શકે કેમ પીછી,
અરે એજ માટે અતી આદરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.
અહો આપ રેથી જનો આજ આમે, રચ્યા છે રૂડા છંદ દલપતરામે;
હવે રોશથી રાખિ હેતે હરીને, દયાથી વિદ્યાદાન દો દીકરીને.

દોહરા.

બિજ સુધરશે તોજ ફળ, ઉત્તમ થશે અથાક;
પૃથ્વિ સુધરશે તોજ ત્યાં, પાકે સારો પાક.
ભણીતણી શોભા ઘણી, ભણી હણી રહિ તોય;
નારી સારી નહિ દિસે, ભણી ગણી નહિ હોય.

સોરઠો.

ભણતરથી ભ્રમ જાય, તો ભણતર સાચું બણી;
ભણેલિ ભોળો થાય, તો ભણતર ભડકો ઉઠગો.

ખુરશી પ્રતિ પ્રશ્ન.

દોહરા.

તું તનુજા ધનવંતની, કે તુજ પિતુ કુળવાન;
શા કારણ સરવે તને, ગહિપતિ આપે માન.

ઉત્તર.

એ શાળામાં બાઈ હું, પામિ સરસ સુધરાઇ;
જાત અશલ છું જંગલી, ગૃહસ્થ જોગ જણાઇ.

મનહર છંદ.

જંગલની ઝાડીઓમાં ઉપજી ઓલાદ મારી, ભીલપાસે ભાળીને સોદાગરે સોદો
સોદાગર પાસેથી સુતારે પછી સોદો કરી, શાળામાં સુધારી તોય સ્વારથ નહિ
પામવાને નેતર એ સારી બીજી શાળાવિષે, પામી ત્યાર પછી વર શ્રીગંત અને
કોણ પુછે કુળતણું મુલ દલપત કહે, પામી માન તે પ્રતાપ કેળવણીનો.

ઇંદ્રવિજય છંદ.

તાત તમે દિન રાત દયા કરિ, નીતિનિ નીત્ય કહી કવિતાજી;
જેમ જુઓ જદુ નંદન જુક્તિથી, અર્જુન આગળ ગાઈ ગિતાજી;
તેમ તમારિ શિખામણ હું, શુણી શીખિ શિખામણ જેગ સિતાજી;
તે ભવમાં નહિ ભૂલીશ હું, પઢિરાખિશ પાઠ પવિત્ર પિતાજી.

પરિસંખ્યા લંકાર.

મનહર છંદ.

ત્રણ ચણોઠિયો તુલ્ય વદે લોક વાલ થાય, તેતો વાલ તોળવાનો નહિ જાત દાળ
ગજથી ભરાય લાંબી થાય બેશ બસે ગજ, પાટી તેતો પલંગની નહિ તે નિશાળ
ઘડીઓ તો પાણીથી ભરાય અને ખાલી થાય, તેતો ઘટમાળતણી કહો નહિ કાળ
સુગાણી‡ સકળ કળાવાળી દલપત કહે, તેતો વિદ્યાવાળી ન જણાવ નારી બાળ

દોહરા.

ચતુરા બીજી ચોપડી, જે નીતી ગુણ ગાય; સુધરે તેનો સોબતી, નહિ તોતે નહિ જ
બામનિયોમાં બોળપણુ, ખરેખરો એ ખેદ; મટાડવામાં મન ધરો, એ સિરપાવ ઉ

‡ સુજાણી અથવા પ્રસન્ન કરાવનારી તે પણ સુગાણી.

આળસના નિષેધ વિષે.

આળ ભરેલા આળસી, પાપ ભર્યાં નુકશાન.
પ્રત્ય બધી નિર્ધન બને, ગર્વ ન કરે વિદ્વાન.

પ્રતિષેધ અલંકાર.

મનહર છંદ.

ભેગું અંગનું ગણી સમજુને સમજાવો, કરો મારાં કામ તે આળસ નથી કરતો;
કે કાંઈ પેર પેર રોયા કરવાની રીત, તેથી નાંખવી તેનો અમુક નથી તરતો;
કામ કરીને વંશ કરવાનું કાઢી નાંખો, તેતો ખોટી ફુમરને દૂર નથી ભરતો;
ધાગ લગ્ન ભેખ કરો કહે રાખનગુમ, તેનો કેવો પ્રાણીજીવ માણ નથી કરતો.
આળસનું પરણ્યે પણ ન વિચારે વાત, નવીનજ ફરે ત્યાં નજરે નિહાળિયે;
રે નિયમ કોઈ નવો લાજ બેઉ કાં ન રાખો, બેઉ બુદ્ધિ રોજનો કુબુદ્ધિ બેવિ ટાળિયે;
જો વિચાર આગળથી ચારે પડી એથી કરો, પછીએ મરણ હઠે એમઠો સંભાળિયે;
જે સંભાળો ચાલવાનો આળસે સમોજ આજ, જો સજન આળસના જનમ ન પાળિયે.

ઇંદ્રવિજય છંદ.

આળસને ઘરણાંગણે આગળ, આતંક શી તેહમાંહિ ગણાવો;
મોહપણે કરતાં પરણેતર, જાવકથી તેહમાં સમજાવો;
તે ઉત્કટ સુખદ કહ્યું એ પણ, પૂરણ પાછળથી પસતાવો;
આવક જાવક ભાવિકમાંહિ†, પ્રગટે પછી પાવકમાં* ઘર નાવો.

ઘર સુત્ર વિશે.

મનહર છંદ.

પ્રમદા રૂપી પ્રધાન સાથે મળી પ્રજા પાળ, સંભાળે જે ઉપજને ખરચ શું થાયછે;
કદી બાળકો લડે કે કુટુંબમાં કલેશ થાય, ફોજદારી દિવાનીના ફેંસલા ચુકાયછે;
જેને જેમ ઘટે તેને તેવી રીતે રાખવાને, સામ દાન ભેદ દંડ એ ચારે ઉપાયછે;
રાજ ચલાવે કે ઘર ચલાવે તે બરાબર, ઘરધણી પણ બીજો ઘરતણો રાયછે.

દોહરા.

આંટી કાઢે અક્કલથી, ગુંચ પડે ન મુંઝાય; તાણીને તોડે નહિ; તો ઘરસુત્ર ચલાય.
ઘર સુતરને રાળકે, ધણી ધુચવણ વીર; તાણી તોડે આકળો, ધિમે ઉકેલે ધીર.

† ભાવિક–ભવિષ્ય, * પાવક–આળસ રૂપી દેવતામાં.

તંત અસંતન તાણિયે, તાણે તૂટી જાય; જો તૂટ્યાં મન સાંધિયે, વચ્ચે ગાંઠ પડિ.
પરણીને ઘર માંડતાં, સદા સહનતા તાક; પરણ્યા પહેલું પોંખતાં, સાસુ તાણે
ચાણે કે ચાણે નહિ, તે બંને પરતાય; એવું છે સંસાર સુખ, લકડ લાડુ

પતિવૃતા.

ઉપજાતિ વૃત્ત.

પતિવૃત્તા સુંદર વસ્ત્ર દારા, પતિ પ્રિયા તે શણગાર સારા;
સજ્યા થકી જો ગડદુંજ શોભે, તોતે વિનાનું નરે ચિત્ત લોભે.

મનહર છંદ.

સ્વામી વશ થતો નથી શોળ શણગાર સજે, સ્વામી વશ થતો નથી અંગતણા રંગથી;
સ્વામી વશ થતો નથી પિયરના પૈશા થકી, સ્વામી વશ થતો નથી સદા રહે સં
સ્વામી વશ થતો નથી પુત્રનો પ્રસવ થયે, સ્વામી વશ થતો નથી ધૂર્ત જેવા ઢંગથ
કામનીને વશ કંથ થાય દલપત કહે, પ્રેમ ઉર આણી પાળે આગના ઉમંગથી.
જ્ઞાનીને તો કરે વશ જ્ઞાનની ગાથાઓ ગાઈ, માનીને તો કરે વશ નિત્ય નમ્રતાઈથી;
કૃપણને કરે વશ કરીને કસર ઘણી; ક્રોધીને તો કરે વશ ખામુખા ક્ષમાઈથી;
મુરખને કરે વશ મીઠી મીઠી વાતો કહી, ફૂલણને કરે વશ ફુલાવી ફુલાઇથી;
કહે દલપતરામ કામની ચતુરા કંથ, ચતુરને કરે વશ ચિત્ત ચતુરાઇથી.

છત્રી ઉક્તિ ઇંદ્રવિજય છંદ.

જો શિર છત્ર કરી મુજને, પકડે પતિ પ્રેમથિ હાથથી હાથે;
તો મુજ પંડ પ્રફૂલિત થાય, સમાઇ શકાય ન એ ભુજ બાથે;
‡ તિનો પરિતાપ હરૂં, વળિ જોડ જણાય સુશોભિત સાથે;
કાય કરોચલિયો વળિ જાયજ, જો પદ નીચ દિધું નિજનાથે.

દોહરા.

નિશ્ચળ મન જે જનતણું, ટળે ન તેની રીત;
ઘુસ્સો કર્યે ઘટે નહિ, પતિવૃતાની પ્રીત.
પતિ મુખ રવિ શશિ પત્નિ મુખ, પરસ્ત્રિ પૃથ્વિ પ્રમાણ;
ચંદ્ર ગ્રહણ નહિ ચાહિયે, સૂર્ય ગ્રહણ શુભ જાણ.

સોરઠો.

જેનું મન જે સાથ, લલચાઇ લાગી રહ્યું; ગમે ન બીજી ગાય, રહે લીન તદરૂપ થૈ.
દઢ જ્યાં લાગ્યું ધ્યાન, વળીતી બીજું વીસરે; ભૂખ તરશતુંભાન, રૂદયામાંહિ રહે નહીં.

---

‡ પ્રાય-ઘણું કરીને.

મનહર છંદ.

સંસાર તરનાં મૂળ પતિ અને પતની છે, ગણી જોતાં ગણતીમાં પ્રત્યક્ષ ગણાય છે;
એમને સલાહ હોય એકમાં સજો ન હોય, તોજ તાજું તરવર જોતાં તે જણાય છે;
શાખીને કેલાય સુખી સદૈવ દેખાય વળી, વિશ્વ વિષે વિવિધ પ્રકારે વખણાયછે;
જેનેમાંથી એકેનું જો અંતર સડેલું હોય, તો તે દુખી દીસે કવિતા દયાતી હણાયછે.

નઠારી સ્ત્રી. મનહર છંદ.

કામનીના કામની કહેલી જે પકા મનીશે, કામની છે શિક્ષા તેનો કામની તમામની;
કામની જે કરે નહિ ચિંતા ઘર કામની તે, નિલંજ નકામની કિંમત બે બદામની;
કામની કામની જેવી હૃદયમાં ન કરે પ્રીત, કુંભારના કામની તે ગદ્ધિ જેવી ગામની;
સારાં કામ કાજ નિતે કરવા કામની કીધી, કામની જે આળસુ તે કામની શા કામની.
સારી સુધરાઈથી ધરાઈ સુધરાઈ ગાઈ, સંસારમાં તેતો સદ ભાગણું ગણાય છે;
મેણી ગણી નહિ બારબારથી જુડાપો પામી, વિશ્વમાં તે વનિતા વેરાગણું ગણાય છે;
મારીથી જે નારી વાણી નઠારી ઉચારી જાણે, નારી નહિ એતો કાળી નાગણ ગણાયછે;
કુવટાના કથને તો કહે દલપતરામ, ફકત સદૈવ માસ ડાગણું ગણાયછે.

વ્યાઘાત લંકાર.

કુભારજા કંથને મનાવા માટે કહે કેશુ, હું તો તુંથી હારી હવે માટે માફી માગું છું;
માણસો મળી મને કહેછે કંથને મનાવ; માટે હું મનાવા આવી ખાંત તારી બાગું છું;
તેનો વાંક આડો આંક ટાંક મારો વાંક નથી, રાંક બની બધી રીસ રૂદયાની ત્યાગું છું;
રોષ તારી રીસ મૂક્ય કરશ તારૂં કાળું મોંહું, પીટયા તને હું પચાસવાર પગે લાગું છું.

ઇંદ્રવજ્રા છંદ.

જે સુંદરી ગોરિ ગુલાબ જેવી, આખી પ્રજામાં વખણાય એવી;
કાંટાપતીનું દિલ ભેદિ નાંખે, તે કોણ જાણે પતિ દુઃખ સાંખે.

ઇંદ્રવિજય છંદ.

રાંખણિ નારિ નઠી સુધરે ન, સહસ્ર ઉપાય સજે ગન સાથે;
અંતર ટેક ટરે ન શિખામણ, રંભપિ ભેદ ભણે ભણિ હાથે;
કોટિ પ્રયત્ન કરે કદિ કોય, કહો જળ કેમ રહે ઘટ કાચે;
કાણું કલેવર જન્મ થકી થયું, તો સુખ શાનું રહે ન તમાચે.

દોહરો.

પગમાં તો નેતરજ¹ ધર્યાં, નાકે ઘાલી નાથ; હાથે નાખ્યાં હસકડાં², ત્યારે રહિ સ્ત્રી હાથ.

---

¹ ઢબ-પનરોજ ² હાથ રૂપી બેડી

લાજ શરમતો આંખને,તેતો કાળી કીધ;મુખઉપર પણ મૂછ નહિ,પછી શરમ શં
હાંણું એવું કાળજું, હોઠે ટપકું શ્યામ; હૈયે તે હોઠે વસે, એ કહેવત છે

ઇંદ્રવિજય છંદ.

પ્રૌઢ પ્રયત્ન વિના પટનો ન ટળે, મળ જો જળપૂર જતાથી;
પાણિ વિના પરિપૂર્ણ ઉપાયથિ, છોડ ઉગે નહિ બીજ છતાથી;
દ્રષ્ટિ ધરે નહિ તો દલપત્ત, લવિંગ મળે ન લવિંગ લતાથી;
બુદ્ધિ ખરી પણ બોધવિના, દિલમાં અતિ ખેદ ઉઠે ન ખતાથી.

દોહરો.

પતિ કરતાં પૂરો ધરે, પક્ષી ઉપર પ્યાર;
એક સખીએ એવિને, દિધી શિખામણ સાર.

સખી વચન.

સવૈયો.

થીર ધરાણું રહે ન તમારૂં, લડાઇ ન રોજ લડો વરથી;
રાખવું થીર શરીર ધરે, ખિણવાર ન બાર ખસો ડરથી;
સર્પ વિંછી પણ જો સુખ, તે નગણે છકિ રાનતણું દરથી;
ઉત્તર–થીર ધણું તન રાખિ સકી ન, નકી સખિ રાનતણું ઘરથી*

દોહરો.

પુરૂષ અને સઉ પ્રેમદા, જો સુખ ચાહો ચિત્ત;
રામ સિતાની રીતની, કરો પરસ્પર પ્રીત.

શુક સંદેશો.

ઉપજાતિ વૃત્ત.

સિતા સતી શોચતિ જે સમામાં, અશોક નામે વન પિંજરામાં;
ન નાસવાનો અવકાશ આવે, દશાસ્ય માંજાર દિલે ડરાવે.
ફરે હરે ત્યાં ફળ ફૂલ ખાઈ, મુખે ન લે અંન અને મિઠાઈ;
તપો વને જેગ તપસ્વિ તાપે, જિભે જગત્પાલક નામ જાપે.
દિઠો સિતાએ સુડલો સ્વદેશી, સુબોલ બોલ્યો તરુ શીશ બેશી;
સમે વિચારી શબ્દો સુહાતા, જરૂર [illegible] જાતા.
અરે સુડા હું અરજી ઉચારું [illegible]
પિયુ વિનાની પરિપૂર્ણ [illegible]

* આ ઘરના કરતાં [illegible]

વિજોગ સર્વે વધાર આજે, વળી કુહુંની ધ્વનિ શોક ભાજે:
તમે વિજોગે તજિ નારિ ન્હાની, કહો સુધા તે કરુ વીત કયાની.
અરે સુધા ઉત્તમ અંગ તારું, કહું તને તે કર કાળ મારું;
વિજોગમાં વધુ જ ઠરૈ વધારે, ફરી મને ત્યાં ચિર મેં કરાવે.
કળાંઈમાં આ વન આશ આપી, તજે મને તે ન મળ્યા તપાપી;
વિજોગની ગોર વિશેષ વ્યાપી, જનો નથી પ્રાણ તથાપિ પાપી.
હવે જઈ તું પિય નાથ પાસ, વિજોગણી વાત પુરી પ્રકાશ;
તમો વિજોગે તરુણી તપેછે, પિયુ પિયુ જાપ જિભે જપેછે.
ફરી કળાપી મનમાં કરેછે, કદી અતીશે દુઃખ ઉચ્ચરેછે;
કદી વધી જાય વિજોગ જ્વાળા, બળી બળી બોલ બકે સુગાળા.
અરે કરે શું અબળા બિચારી, અગાધ સજ્જન જગમાં ઉતારી;
પછી શકે કેમ મુખેથી વાણી, ગરે બિચારી મનમાં મુઝાણી.
અપંખ અંગે અકળાય એવી, શુકી† પડી પિંજર બંધ જેવી;
ઉપાય એક ઉરમાં ન આવે, મનોરથો મેં મનમાં સમાવે.
વિજોગના વાસર કેમ વીતે, રહે સદા ચિંતવતીજ ચિત્તે;
ભૂખી મરે ભોજન કેમ ભાવે, અધીરતા નો ઉભરાઈ આવે.
જ્યોત્સ્ને વળી જ્યાં જળકું‡ હાથ જાતે, રહે નહિ કષ્ટ કશું બચાને;
દેરે વળી વાદળિને કહું કે, મને ઉપાડી પિઉ પાસ મૂકે.
પિયૂ વિજોગે વધિ પ્રેમ પીડા, કદી શકે શું નહિ ખાળ ક્રીડા;
વળી વિશેષે વિજળી ઝબૂકી, મનોજ તે કાળ મળ્યા ન મૂકી;
વિલાસ તે જ્યાં વિજળી કરેછે, સમીપ સ્વામી સુખ સૌ સરેછે;
વિજોગણી કેમ સહે વિશેકી, ફરી રૂદેળી ન રહેજ રોકી.
તથા વળી મેઘ ધનુષ તાણ્યું, જરૂર તે કામ ધનુષ જાણ્યું;
દયા તજી ગર્જના માર દેશે, વિજોગણીનો ઝટ જીવ લેશે.
મયૂર તેવી તક માંહિ બોલે, ફરી ફરી કાળજડુંજ ફોલે;
ઉઠે ઘણી અંતર માંહિ ઝાળ, કટારના ઘાવ થકી કરાળ.
સમુદ્ર સામી સરિતા વહે છે, સ્વનાથનો સંગ ચિત્તે ચહેછે;
વિજોગણી આ વરસાદ વારે, વિલોકિને ધીરજ કેમ ધારે.
દિસે દિનાનાથ* દર્શાણ દીસે, અપોઝ્ય દેખી નશકે અતીશે;
ઉપાય એનાથિ બની ન આવે, સ્વવક્ત્ર તે વાદળમાં છુપાવે.

---

† શુકી-પોપટની માદા. ‡ ચાંદની-ચાંદણી. * સૂર્યનારાયણ.

વિજોગણીગો વરસાદ લાગે, કરી રનુની કુપ વિલાપ ભાખે;
યથા અજાતા શુદ્ધિને ફીતા, તથા ભુપે ગારાળમાં સવીતા.
પ્રવાહ ને નાસ્તિક જોય એવો, સુપથના જેમ કરે કુપંથે;
પ્રવાહ આંસુ દૃગથી પડેછે, સુપંથના મારગને નડેછે.
વળિ વિજોગી વનસ્પતિ વેલી, તરૂતણે જઈ તરે ગળેલી;
વિજોગણી ઉર વિચાર આણે. મને પિયુ આમ લઇ લગાવે.
દયા હવે તો હિતમધ્ય લાવો, હવે પછી થઈ ઘર તરફ આવો
સુ વાક્ય એવાં પિયુને સુણાવી, સ્વધામમાં લાવ સુડા ભણાવી.
વિજોગણીના દુઃખ દેખિ વાણી, વિશેષ સંક્ષેપ કરી વખાણી;
સુદંપતી કારણ છંદ આ મેં, રૂડા રચ્યાછે દલપતરામે.

ઉત્તમ કુળ વિશે.

દોહરો.

જે અબળા ઉત્તમ કુળે, પ્રીતે પરણી હોય;
પૂરણ સુખતે પામશે, કષ્ટ ન પામે કોય.

ચોપાઇ.

જે કુળમાં સંપૂરણ સંપ, જે કુળમાં જનને બહુ જંપ;
કરે સદા કીર્તિનાં કામ, ઉત્તમ કુળતો એનું નામ.
અહો નિશા જેને આવાસ, વિદ્યા ને લક્ષ્મીનો વાસ;
જ્યાં સુખ દીસે આઠે જામ, ઉત્તમ કુળતો એનું નામ.
ચોખાં ધારે અંગે ચીર, ભલુંજ જેનું મન ગંભીર.
તેવા જન ઘર માંહિ તમામ, ઉત્તમ કુળતો એનું નામ.
ઉત્તમ ધંધો જે આદરે, દેશ કલેશ થકી દીલડરે;
દેણું નહિ શિર એકે દામ; ઉત્તમ કુળતો એનું નામ.
અંતરમાં નધરે અભિમાન, કદી ધરે નહિ નીંદા કાન.
કરે નહીં દૂષણનું કામ, ઉત્તમ કુળતો એનું નામ.
કદીએ ચડયું નહોય કલંક, સત્ય પણું પાળે નિઃશંક;
ધર્મતણું તે નિર્મળ ધામ, ઉત્તમ કુળતો એનું નામ.
અભ્યાગતને આદર કરે, સઉ જન સદા ચરણ આચરે;
વહાલાં સગાંતણો વિશ્રામ, ઉત્તમ કુળતો એનું નામ.
લોકોમાં લાખેણી લાજ, કરે સદા પરમારથ કાજ.

બિરૂદ કે ન અગ્રુષ ગુણગ્રામ, ઉત્તમ કુળતો એનું નામ.
મહિપતિનું પામે સન્માન, ગણે બધા લોકો ગુણવાન;
હોય ધણી દેશમાં હામ, ઉત્તમ કુળનો એનું નામ.
જેની સ્ત્રી માબાપો પાસ, અશન વસનની નકરે આશ;
અતિસુખ અબળા પામે આમ, ઉત્તમ કુળતો એનું નામ.
સુંદરિયોને સઘળું સૂખ, દેખે નહિ સ્વપનામાં દુઃખ;
ગુણીને બધું વખાણે ગામ, ઉત્તમ કુળતો એનું નામ.
નામે ઉત્તમ કુળતો ઘણા, આસદાણુ ઉત્તમ કુળ તણાં;
દિલથી કહેછે દલપતરામ, ઉત્તમ કુળતો એનું નામ.

દોહરા.

સદ્ વિદ્યા સદગુણ સધન, સદાચરણ સુવિચાર;
ઉત્તમ કુળનો એજછે, જે ઘર સુખિ નર નાર.
કુસંપને કંજુસ પણું, માનનિને નહિ માન;
એજ અભાગથી અધમ કુળ, નિર્ધન નિર્વિદ્વાન.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કન્યા વિક્રય જે કરે ધન લઇ, ધિક્કાર તેને ઘણો;
કીર્તિના કહો લોભથી કુળ જુએ, તે પાપિ પૂરો ખરો;
કીર્તિ કન્યતણી કરી જગતમાં, જે સ્વાર્થ સાધે નહિ;
કન્યાના સુખનો વિચાર કરશે, તે પુણ્યશાળી સહી.

દોહરા.

વે કહું આ દેશમાં, અવગુણ છે જે એક; મરનારાની પાછળે, રુવે કુટે અનુછેક.
તેથી તન દુઃખ ઉપજે, લાભ ન દીસે લેશ; વિરૂદ્ધ તે છે શાસ્ત્રથી, વ્યર્થ ક્લેશ વિશેષ.

ગરૂડ પુરાણનું અંગ.

"મરનારની પછવાડે રોવા કુટવાના નિષેધ વિશે."

દોહરા.

મોક્ષ પતી મોક્ષે વસે, મોક્ષતણો દાતાર; નરનારીનો નરકથી, એજ કરે ઉદ્ધાર.
મુઆ પછી ફોગટનવી, એ સ્થાનક સ્થિરથાય; સારા ઉર્ધ્વગતી લહે, અધમ અધોગતિ જાય;
મુસલમાન આગ્રા કહે, ગોરા લોકો ગાડ; હિંદુ માને દેવતા, પરમેશ્વરનો પાડ.

એમ નરક ને મોક્ષનાં, નામો ભિન્ન અનેક; પણ સૌ મનમાં પ્રીછજો, વર્તતી એ
મોક્ષ નરક માને નહીં, નાસ્તિક તેનું નામ; એથી દુષ્ટ ન દેખિયે, દુનિયામાં કોઈ
જૂઠું બોલે જગતમાં, કરે ચોરિ વ્યભિચાર; પ્રભુ આજ્ઞા પાળે નહીં, એજ નરક
સત્ય દયા પાળે સદા, ગુણ કરતાના ગાય; પરતાએ દિલ પાપથી, માનવિ મોક્ષે
જનમે ત્યાંથી જાણવું, એક દિવશ મરનાર; રણા ન રાજા રંકકો, શોધિ જુઓ સં
ઉપાય ચાલે આપણો, તે કરિયે તતકાળ; પાછળ રોવું પીટવું, તેમાં શો છે
વહાલાના તનમાં વધે, વાત પીત કફ રોગ; તેને તુરતજ ટાળિયે, કરિ ઓસડ સંજો
દોરા, ચીઠી, આખડી, ભૈરવ, ભુતના જાપ; વળગી એવા વ્હેમને, ઓસડ ન તજો

ચોપાઇ.

કરતાં જતન કદી મરિ જાય, એકે નવ ચાલે ઉપાય;
જો તેનું હિત હૈડે ધરો, કામ સદા પરમારથ કરો;
ભિક્ષુકને આપો ભોજન, અનાથ જનને આપો અંન;
તે પણ કરજ કરી નવ કરો, જો પરમેશ્વરથી દિલ ડરો.

દોહરા.

દુનિયાને દેખાડવા, કુટે રૂએ જે કોય, નિશ્ચે એ મરનારનો, હેતુ શત્રુ હોય.
પ્રગટ ગરૂડ પુરાણમાં, વર્ણવિછે તે વાત; સાંભળજો સજ્જન સહિ, સ્નેહ ધરી સાક્ષા
પુછે ગરૂડ પરિબ્રહ્મને, કહો પ્રભુ કરિ પ્રીત; પાપિ નરકના પંથમાં, દુઃખ પામે શી રી
ખાય પિયે શું વાટમાં, શોધે કેનો સાથ; વાત સર્વે વિસ્તારિને, કહો કૃપાળુ ના
સુણિને બોલ્યા શ્રીહરી, સુણ વિનતાના સૂત; પાપી જનને તેડવા, આવે જમના
ભ્રકુટિ ભયંકર જેહની, મુશળ સરીખા દંત; કાળા જેવા કાગડા, એવા દૂત અન
જેને જોતાં જીવને, તુરતજ ઉપજે ત્રાસ; પકડી ચાલે પ્રાણિને, યમરાજાની પા
વિઘ્ન કરે બહુ વાટમાં, જમકિંકર વિકરાળ; સાંકળું મારે શરિરમાં, જળ હળતી
મુદગળ માથામાં હણે, ભાગે પાડે અંગ; ખાય કુહાડે કાપિને, એ પાપીનું અ

ચોપાઈ.

પુણ્ય કરે પાછળ જે અહીં, તે ખાવું પામે છે તહીં;
પણ ભુખી જમ કિંકર ખાય, તેને તેથિ વિસામો થાય.
સઘાં મળી સૌ રૂદનજ કરે, લીંટ, લાળ, આંસુ, જે ઝરે;

---

૧ જમ તે મોત અને તેના દૂત તે ભયંકર રોગ.

૨ આ કાળ પાપીને નરકમાં અનેક પ્રકારનું દુઃખ દેખાડે, પણ આ જગતમાં જેટલાં દુઃખ કહેવાય છે, અને કવિની કલ્પનામાં જેટલાં દુઃખ આવી શક્યાં તેટલાં કવિએ નરકનાં દુઃખ વર્ણવ્યાં છે.

[illegible]

દોહરો.

પુત્રાં એ આરોગી, પાપિ કરે પોકાર; પર મુખ ઉપર ભાવથી, જિમમાં દયા અપારી
ખમા ખમા મુખ બોલતી, રખે લાગે રેગ; આદર ભો તું ભારતાં, ધ્યાન ન લાવે લેશ.
દિન ઘડીએ જે પુરપમો, પદાર્થ વેરી થાય; રસા ચોખુ કરે ગંદુ, વાઇ વેમાને આપ.
બોલ 'સાર' વાંચનાં, કરતી સદા સહાય; માવે મુખ્ય આદર તે, જિમથી તજ્જ દયાય.
તે પ્રેમ વ્રત મુખની સે, રહેતા જેની પાસ; તે સર્વે યનુ પંચાં, આ જઈ રૂ પ્રકાશ.
જેગ કહું એ અવસરે, જમ કિંકર વિકરાળ; પાપ પરાણે પાપિને, આંસુ બિંદુનો લાળ.

ચોપાઈ.

સગ થઈ બહુ મન મૂંઝાય, જમ કિંકર મો દાઢી પાય;
ઓ તારી માજો મોટકયું, તે તો તુજને લાગે ગળ્યું.
જાઓ ભણી બહુ સેવન કરે, તો પીંવા પીના કેમ સરે;

॥શ્લોક.॥ श्लेष्माश्रुबान्धवैर्मुक्तं, प्रेतो भुंक्ते यतो यतः ॥
तस्मान्नरोदितव्यंहि, क्रियाकार्यायथाविधि ॥ १ ॥

૮

અરે ગરૂડ એથી દુઃખ થાય, તે તો કંઈ કહ્યું નવ જાય.
ભોળો જન વિશ્વાસી હતો, આવી વાત નહીં જાણતો;
સગાં મળી કરશે આ કામ, દુઃખમાં દુઃખ દેશે આ ઠામ.
લીંટ લાળ મોકલશે દઈ, વળી કૂટશે ભેગાં થઈ;
અધિક સગાં આગળ ઈચ્છતો, પૂરણ સુખ તેમાં પ્રીછતો.
આ અવસર પોકારે મૂખ, ઓછાં સગાં તો ઓછું દુઃખ;
પૂછે જમ કિંકરને વળી, શા માટે કૂટે સૌ મળી.
મુજને દુઃખ દેવાને રડે, તેથિ લાભ તેને શો જડે;
મેં કોઇનું બગાડયું નહીં, દુઃખમાં દુઃખ દેછે કેમ અહીં.
કહે જમ ચર સુણ મૂઢ ગમાર, સ્વારથિયો સઘળો સંસાર;
જ્યારે તુજમાં સ્વારથ હતા, ત્યારે સૌ હેતે બોલતા.
હવે ન સ્વારથ તુજમાં રહ્યા, તેથિ સગા સૌ શત્રૂ થયા;
તારૂં દુઃખ ન વિચારી જુઓ, ગનમાને તેમ કૂટે રૂઓ.
પછડાઓ પાખંડ આચરે, લોકોમાં દેખાડો કરે;
જેમ જેમ લોકો જોવા મળે, કોઈ આલે તેમ કૂટે બળે.
લોકો સૌ સૌને ઘર જાય, ત્યારે તે વીસામો ખાય;
રોજ સવારે સાંજે રડે, લોકોમાં શોભા તે વડે.

દોહરા.

દિલમાં હેત અહેતપણુ, રોજ રડયાનો ચાલ; તેથી ઉપજે તુજને, દુઃખ મોટું વિકરાળ.
સાંભળિ શોકાતૂર થૈ, પાપિ કરે પોકાર; કોઇ મારી માને કહે, દુઃખ ગારૂ આ વાર.
કુટ્યા રડ્યાનું દુર કરી, લે પ્રભુ કેરૂં નામ; ઉપજે જેથી અંગમાં, સુખ મુજને આ ઠામ.
હેત હૈયામાં રાખતી, તે નવ ભૂલે આજ; મારા સુખ માટે તજે એવી લોકનિ લાજ.
ક્રોધે જેમ કિંકર કહે, ચુપ રહિ ચાલ ગમાર; હવે ન ઉપજે એહને, તુજપર દયા લગાર.
રહેતું નિશ દિન લોકમાં, હવે ન તુજથી કાજ; ઘણું રૂએ કૂટે ઘણું વધે લોકમાં લાજ.
પોટી ઉઠી પ્રભાતમાં, રોજ રડે નહિ એમ; તો નિંદા લોકો કરે, માટે ચાલે કેમ.
ગરૂડ પુરાણ સુણે ઘણાં, જે ભટ વાંચે મૂખ; જાણે છે મરનારને, રડ્યા કુટ્યાથી દુઃખ.
તોપણ દયા ન દિલ ધરે, સગાં સંબંધી કોય; કૂટે રડે સૌ કો મળી, જેમ વખાણ્યુંજ હોય.
રડ્યા કુટ્યાની રાંડને, પૂરણ હોયે પ્રીત; ન્હાનપણાથી નિરખિયે, રામા કેરી રીત.
જૂતના દિનમાં પણ કરે, કુટ્યા રડ્યાનું મન; મરનારાનો મીશ* લઈ કેમ ન કૂટે તન.
વિવાહ દિન બોલાવતાં, નાવે ગાવા ગીત; પણ બોલાવી આવીને, કૂટે રડે કરિ પ્રીત.

---

* મીશ—બાનું.

રોયે જેવા રંડવા, નિર્લજ છે દેખી હામ; કુટે કરે પાખંડ બહુ, લઇ પ્રેતકનું નામ.
†દક્ષિણ દિશમાં જમપુરી, લોકજનોથી દંતર; પન્ત્રિહ્નિજાયહજારગાઉ, પહોંચે માસે બાર.

ચોપાઈ.

હવેથી હરિ સાંભળ ખગ રાય, જિવને જમપુરિમાં લઇ જાય;
જેવું કર્યું હોય જેણે પાપ, તેવો ત્યાં પામે સંતાપ.
રૌરવ મહા રૌરવ આદીક, કુંડ નરકના તહાં અધીક;
જેણે વૃદ્ધિ સાક્ષી પૂરિયો, ચોર્યાં પરધન પરનારિયો.
પ્રભુ આશાઓ પાળી નહીં, તેવા દુઃખ પામે છે તહીં.
જેવું દુઃખ એ નરકજ તણું, રુઆ કુટયાનું તેથી ઘણું.
ખારા નીર જે પીવાં પડે, દુઃખ મોટું ઉપજે એ વડે.
જેમ બાળકને ઓસડ પાય, મોંમાં વેલણુ ઘાલી માય.
નાક પકડિને રૂંધિશ્વાસ, પાય પરાણે થાય ઉદાસ;
એમ જમ કિંકર અંકુશ હણી, તોડે છે દાંતો નેતરી.
નાક દબાવી શીંટજ પાય, એતો દુઃખ જોયું નવ જાય;
તે માટે નિજ હેતુ હોય, તો તેને નવ રોશો કોય.

દોહરા.

કુટે રડે કોઈ દેખિયે, તો કરિયે તે કામ;
મનુષ્ય બહુ બોલાવિયે, દેને ઝાઝા દામ.
લાભ ન દીસે લેશનો, રડે કુટે શું થાય;
દમની પીડા પામિયે, કાંતો આંખો જાય.
મહા દુઃખ મરનારને, આપણને પણ એમ;
શોભા લેવા લોકમાં, કુટિયે રડિયે કેમ.
ધીરજ મનમાં ધારિને, કરિયે કાંઇ ઉપાય;
જેથી તેના જીવને, સુખ ને શાતી થાય.
આગ ગરૂડ પુરાણનું, કથા કહી જે આજ;
સૌ જન સમજે સ્નેહથી, કરે વિચારી કાજ.

† દક્ષીણમાં રાક્ષસો રહેતા હતા. તે માટે દક્ષિણમાં જમપુરી કહી હશે; અને મરનારને જેમ જેમ પખવારે દહાડા થાય, તેમ તેમ દરરોજ હજાર ગાઉ દુર ગયા જેટલો વિચારે પડતો જાય છે, અને ૩૬૦ દહાડા પછી લોકોની દીલગીરી છેક મટી જાય છે, તે ઉપરથી ૩૬૦ દહાડાનો જમપુરીનો રસ્તો ઠરાવ્યો હશે

સાંભળશે જે સ્નેહથી, દિલમાં દયા સહીત;
સંપૂરણ સુખ પામશે, તે નરનારી નીત્ય.
કથા સુણીને નહિ કરે, દિલમાં દયા લગાર.
પૂરણ પીડા પામશે, નિશ્ચે તે નર નાર.
ઓગણિસેં ને આઠમાં, શુદિ ચૌદશ શનિવાર;
માસ અધિકમાં મેં કહી, કથા અધિક સુખ કાર.
ઘણાં વરસનાં કોટડાં, દેખો આ દેખાય;
વાવળ કે વરસાદથી, તેહ પડી નવ જાય.
રહે ટકી રક્ષણ વિના, નિરૂપયોગિ નવ જાય;
રહે કોટડાં ટોકરાં, ખાપ તેનો ક્ષય થાય.
જો રડતાં બાળકતણા, ચાળા પાડે બાળ;
તો તે બાળકને ઘણી, રીસ ચડે તે કાળ.
વગર સગી મળિ નારિયો, રુએ કુટે છે નેહ;
તે પણ ચાળા તુલ્ય છે, તેમાં નહિ સંદેહ.

મરનારની પછવાડે ન રોવા વિષે.—પદ.

વ્રજવાળી જિવટ મુજાની જુક્તિ ન જાણી, એ રાગ.
વાલાની વાંસે, રાગ તાણી નવ રોવું;
જેથી તેને જંપ ન ઉપજે, જીવમાં સમજી જોવું રે; વાલાની. ટેક.
[illegible] કહ્યું [illegible], કુટે રડે જો કોઈ;
મરનારને મહા દુઃખ ઉપજે, ધરે નિરાશા રોઈ રે; વાલાની.
લીંટ લાળ ને આંસુ જેતે, જમાચર ખાય પરાણે;
કૈક મહાદેવના દુઃખથી, એ દુઃખ અદકું જાણું રે; વા.
કોઈ કાળી કુટે શિર કુટી, મુટે કેશ હાથે;
તો સઘળી અતિશય પીડા, મરનારને આપે રે; વાલાની.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

હોળી સુખે ઉજવો હો. ઉપાવે, પુન્ય કેરાં કામ ક્રૈમકે; સાહાની.
કેહ્યાં ધન્ય તેની નહિ ક્રીડા, મિત્રો અંતર નામકી,
દલપતરામ એ હિત કહ્યાં, મનો ચિત્ત મારીરે; સાહાની.

બુદ્ધિવર્ધક વિધિ.

નારાચ છંદ.

સુજ્ઞો મનુ રચોહિ જ્ઞાન ગંગના સમર્પિો, ભલો ભાનુ હમેશ બોધ દેશ બુદ્ધિ વર્ધકો;
સ્વદેશ સુધર્માનિ સહિયાન તે વિચારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
નવી નવી નિશાળનો વિશાળ વૃંદ કરાવવી, ગમ્ભારિ માલ સાગ કામ કામમાં કરાવવી;
ઉપગ્રહ મિત્ર પ્રીતિ રીત તે વિચારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
નિજ મને પ્રબંધ છંદ ચોપડી છપાવવી, અરે ભરી ધરીજ ખૂબ ખાંતથી ખપાવવી;
નિભાર છે અનેક જ્ઞાન નાટકી નિભાવવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
કુરીત પોપિયો કરીની પાસનો કરાવવી, રસીકતા અધીક ઠીક કાવ્યિ કરાવવી;
વિભૂષણો વિવિધ મિત્ર પ્રાસગી સંભારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
રમોજદારસાર કોનિરતી સભા રચાવવી, મહામહા મનોરથોનિ ધૂમ ત્યાં મચાવવી;
સુ ધારતા વિવેકની અનેકધા ઉચ્ચારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
ખરાબ ચાલ ખંડી સારિ ચાલને ચલાવવી, લડે કદાપિ લોક લેશ લાજતો નલાવવી;
સ્વદેશની અનેક જાત આખરે ઉગારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
વિવાતણા લગ્નમણા પ્રથાક* ઘણા ઘટાડવા, અપાર ઉદ્યમો રચી નિરૂદ્યમી મટાડવા;
યથા સદાય શ્રી પ્રભુની પ્રાર્થના ગુજારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
અનાગિયા ભિખારિયોનું ભુખ દુઃખ ભાગવું, હમેશ એ ઉપાયમાંજ લક્ષ રાખિ લાગવું;
દયા કરી દરીદ્રિની દરીદ્રતા વિદારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી,
પ્રવીણ રાખિ પંડિતો સ્વધર્મ શુદ્ધ આપવા, વિરોધ ક્રોધ કાઢવા સદા સુબોધ આપવા;
પછી પુરાણિ પોથિયો સમગ્ર તે સુધારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
વિલાયતી વરાળ જંત્ર મૂલ દૈ મગાવવા, વિવેકથી અનેક કામ કાજમાં સુકાવવાં;
સ્વમિત્રને પવિત્ર વાત ઉરમા ઉતારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
કુટંગિમાં કલેશ લેશ ઉપજેજ હોઇને, મનાવિને મટાડવો જરૂર જાણિ જોઇને;
લગાર આગ લાગતાંજ હડકેયિ ઠારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.
સભા સમે શકે ન આવિ નામદાર નારિયો, ભુણે પડી ખુવેજ કાળ બંધીમાં બિચારિયો;
ભણાવિ ભાત ભાત તેનિ વેદના નિવારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે વધારવી.

* પ્રથા–ચાલ.

સદાય ધ્યો સહાયતા ભલા ભલા ભુપાળની, કુબુદ્ધિ કષ્ટ કાપવા કરો સ્તુતિ કે
પ્રજા હિતેચ્છુ વાત પૂરિ પૃથ્વિમાં પ્રસારવી, વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિ વર્ધકે

દોહરો.

બુદ્ધિ વિશેષ વધારવી, કરવાં મોટાં કામ;
હૈયામાં હિંમત ઘણી, રાખી દલપતરામ.

છપ્પો.

કરૂણાનિધિ કરતાર, ધાર ઉર અરજ અમારી;
પ્રણમીને તુજ પાસ, પ્રગટ કહિયે પોકારી;
હિંદુ સભાની હામ, પરમ પ્રભુ કરજે પૂરી;
છેજે ઈચ્છા છેક, એક નવ રહે અધૂરી;
સ્થિતિ સુધરે સૌ ગુજરાતની, કરે અધિક શુભ કામને;
રૂદયામાં તે રજની દિવશ, રૂચિ છે દલપતરામને.

દોહરા.

એક બિજાના ધર્મની, તજશે ખોટા ખોદ; ત્યારે દેશ સુખી થશે, વધશે સંપ વિનોદ
તે માટે ઇશ્વર વિષે, તથા ધર્મ સિદ્ધાંત; હવે પછી હું તે કહિશ, ભાગે જેથી ભ્રાંત.

ઇશ્વર છે તે વિશે.

દોહરો.

પ્રભુ નજરે તો નવ પડે, ઉચરે નહિ ઉચ્ચાર;
જગ રચનાથી જાણિયે, જે છે જગ કરતાર.

મનહર છંદ.

પવન પ્રગટ નહીં પેખવામાં આવે પણ, ઝાડોને હલાવે તેથી પવન જણાય છે;
નદિ મધે નિરતણું નિરખી નવિન પૂર, દૂર વરસાદ થયો દિલમાં મનાય છે;
દૂર દિસે દેવતા તે દ્રષ્ટિએ દેખાય નહિ, ધૂમાડો દેખીને દૂર દેવતા ધરાય છે;
તેમ કરતારતણાં કામ દલપતરામ, દેખી કરતાર છે એવું કહી શકાય છે.

ભુજંગી છંદ.

અહો પંડિતો પૃથ્વિ આકાશ પેખો, લખેલા રૂડા અક્ષરો સર્વ લેખો;
વિચાર્યાથિ વંચાય તેતો તમોથી, પ્રભુ નાથના હાથની શુદ્ધ પોથી.

દોહરો.

ઉપરી વિના નિશાળનો, રહે ન બંદોબસ્ત;
કેમ નિભે તો પ્રભુવિના, આ બ્રહ્માંડ સમસ્ત.

મનહર છંદ.

પણ કારખાનું કદાપી ન નભી શકે, જો તેને સંભાળનાર કદીએ ન હોઇએ;
અનંત કોટી બ્રહ્માંડના કારખાના તણો, જરૂર સંભાળનાર કોઈ પણ જોઇએ;
શ્રી ભણુ છે કે જે એવો એક ઇશ્વર છે, તે પ્રભુના ચરણમાં પ્રેમે ચિત્ત પ્રોઇએ;
દલપતરામ તેનાં કામ ઠામ ઠામ, જોઈને જરૂર ખોટો સંશય તે ખોઇએ.

દોહરો.

અચરજ મોટું ઉપજે, કરતાં ચિત્ત વિચાર;
દ્રષ્ટિ-પડી દેખાય છે, ઈશ્વર શક્તિ અપાર.

છપ્પો.

એક તરબુચ આજ, હાથમાં લીધું હરખી;
જગકર્તાની જુક્તિ, નજરથી તેમાં નરખી;
નમો નંગી નવરંગ, ગાંઠ તેમાં ગંઠાઈ;
સરખું વચે સળંગ, સરસ તેમાં સાકરાઈ;
નરથી એવું નવ બનિ શકે, કરે હોડ કારીગરી;
અદ્ભુત એમાં દલપત કહે, હિકમત તે હરિએ કરી.

મનહર છંદ.

ધી રેચનાં વિચાર દિવામાં કર્યો હશે જે,સુંદ વિના પાણી હાપી શરીરને પિનારછે;
ને પજે પીવા હોટાં છોકરાંને માટે માતા,તનમાંહી તાજું તાજું દૂધનો તૈયાર છે;
ધણી આવ્યું કેમ પયું કેમ તે સુકાઈ ગયું, ચિત્તમાં વિચાર તે કેવો ચમત્કાર છે;
ચારીને કરનાર કહે દલપતરામ, જાણીએ જરૂર જે જગત કરનાર છે.

દોહરો.

જેણે પ્રાણી જનમતાં, પહેલું પ્રગટ્યું દૂધ;
એ પ્રભુને નહિ ઓળખે, એથી કોણ અબૂધ.

મનહર છંદ.

ઘણાં તપા કાળિમાં ને કાકડીના વેલા કીધા, જેના કજો વાગે તો જનોને દુઃખ દહે છે;
લીમડા, પીંપળો, વડ, લીંબડાને વડા કીધા, જેની છાયાછે તે સૌને શીતળ જણાય છે;
બાવળને બોરડીની બહુની છટા નથી નેહ કહે દલપત ત્યાં કાંટાની છટા છાય છે;
ચતુર દિવ્યામાં આદિ મિલવો ચતુર કેવી, ચતુર ચતુર સુખનારી અનુરાગ છે.

દોહરો.

ઈશ્વર પ્રભુની પ્રાર્થના, કરી જો તે મન,
તો કોઈ ન આવે તે, ભક્તે ભરે પરમાનન્દ

પ્રભુ પ્રાર્થના.

દોહરો.

પ્રથમ કરૂં પ્રભુ પ્રાર્થના, દોશ ક્ષમણ દે દાન;
તજ્યો નથી તનવાસના, ભજ્યો નથી ભગવાન.

વૈતાળીય છંદ.

નથિ હું તન વાસના તજ્યો, નથિ હું નમ્ર પણે પ્રભૂ ભજ્યો;
કરૂણા નિધિનું કૃપા કરી, હરજે કલેશ હમેશ હે હરી.
નથિ મેં વ્રત દાન આદર્યાં, નથિ મેં કામ રૂડાં કશાં કર્યાં;
ખળતા કરિ મેં ખરે ખરી, હરજે કલેશ હમેશ હે હરી.
ન પડ્યો શુભ માર્ગ શોધમાં, ન પડ્યો હું બહુ જ્ઞાન બોધમાં;
અવળી ગતિ નિત્ય આચરી, હરજે કલેશ હમેશ હે હરી.
ન રહ્યો વળિ હું વિવેકમાં, ન રહ્યો હું તલભાર ટેકમાં;
ડગલાં ન ભર્યાં ડરી ડરી, હરજે કલેશ હમેશ હે હરી.
પડિને અતિ પ્રૌઢ પાપમાં, તક ખોઈ ત્રણ ભાત તાપમાં;
ઠિક થૈ ન વરયો કદી ઠરી, હરજે કલેશ હમેશ હે હરી.
કરજે દુર બંધ કર્મના; ધણિ ધિંગા પ્રભુ બેલિ ધર્મના;
જઉ સાગર તર્તતો તરી, હરજે કલેશ હમેશ હે હરી.
બહુ સંશય સાથ બોલિયો, ભ્રમણામાં ભગિ ભૂલિ ડોલિયો;
દૃઢતા નહીં ધ્યાનમાં ધરી, હરજે કલેશ હમેશ હે હરી.
ગણિ સ્વાર્થ અર્થમાં ફર્યો, અતિશે વ્યર્થ અનર્થ આદર્યો;
તજિ પુણ્યનિ વાતતો પરી, હરજે કલેશ હમેશ હે હરી.
શુભ કારજ જાણિ સાધિયાં, ઉલટાં કષ્ટ અનંત વાધિયાં;
ફિટકાર મળ્યો ફરી ફરી, હરજે કલેશ હમેશ હે હરી.
સુખકારિ કથા ન સાંભળી, શુણિ મેં ગ્રામ્ય કથા ગણી ગણી;
ભગતી નહિ ભીતરે ભરી, હરજે કલેશ હમેશ હે હરી.
પ્રભુ તું ભવ તારનાર છે, અધમોદ્ધાર અને ઉદાર છે;
અતિ છે ગુણને અનુસરી, હરજે કલેશ હમેશ હે હરી.
રૂદયે દલપત્તરામને, કરજે ઠીક ઠરાવિ ઠામને;
જનપાળ પણ ધરી જરી, હરજે કલેશ હમેશ હે હરી.

દોહરો.

હે હરિ પ્રેમ ધરમ ધર, કર સુખ પૂરણ કામ;
એ માગે તુજ આશરો, દિન દિન દલપતરામ.

સેવા સ્તોત્ર.

વસંત તિલકા વૃત્ત.

હે દીન બંધુ જગદીશ્વર વિશ્વપાળ, દીસો તમે પ્રભુ સદા દિલના દયાળ;
મારે કૃપાળિ પકડો પ્રભુ હાથ મારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
કેવી રીતે સ્તવન કીર્તન થાય તારું, કેવી રીતે વિનયનાં વચનો ઉચારું.
જાણું નહિ યુક્તિ નહિ ઉત્તમ જાણનારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
સંતુષ્ટ ગાર્ન પથ સંતત કષ્ટ કાપો, ભક્તી તથા અભય ઉત્તમ ભાગ્ય આપો;
નિઃશેષ દ્વેષ પરમેશ તમે નિવારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
હું ભક્તિ ભૂંસિ શઠ થયો ખરિ ભૂલ ખાધી, સેવા ભવિષ્ય ગત મુક્તિ નહિ યુક્તિ સાધી;
આપી અખંડ પદ આપદથી ઉગારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
કર્યો જવાં સરસ સાધન મેં ન કીધાં, દેખી ગરીબ જનને નહિ દાન દીધાં;
પ્યારા પ્રભુ પ્રગુન પાળપણું વિચારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
મીને કદાપિ પરમાર્થ કરી ન જાણ્યો, ચિત્તે સદા સમય કેવળ સ્વાર્થ આણ્યો.
તેવો તથાપિ નિજદાસ કરી સ્વિકારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
હું ગાનવાન નથિ ને અભિમાનવાન, છું ખાન પાન રસ લોભ ભર્યો નિદાન;
તૃષ્ણા સમુદ્ર જળ પાર તમે ઉતારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
જે તારનાર ન જડ્યા જગદીશ જેને, તૈયાર ત્રાસ જમનો નજરેજ તેને;
એ વાતમાં નથિ અરે પળનો ઉધારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
આપી કલ્યાણ પદ પાસ નિવાસ આપો, માથે મહા પ્રભુ કૃપા કરિ હાથ થાપો;
નાના પ્રકાર નબળાં કરમો નિવારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.
સર્વાર્થ કાર્ય સુધરે તુજ પાદ સેવી, દેખૂં ન અન્ય સુખદાયક દેવ દેવી;
પ્રેમે પ્રભુજી પદ પંકજ પૂજનારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

સ્વામી સેવક હું થયો તમતણો, ખામી ખરી ખોઈ મેં;
પામી નિશ્ચળતા તમારિ ભગતી, જામી દિસે જોઈ મેં;
વામી આશ્રર ધામના હરિ બહુનામી, મળ્યા આ ભવે;
વામી છે ભવ વેદના દરખથી, હામી શરું છું હવે.

બ્રહ્મદેવની સ્તુતી.

દોહરો.

અહો દેવના દેવ પ્રભુ, અખિલ જગત આધાર.
તત્ત્વ પ્રગટ કરિને તમે, રચ્યો સર્વ સંસાર,

ભુજંગી છંદ.

તમે સર્વ સંસાર વિસ્તાર કીધો, તમે સર્વને સૂખનો સાજ દીધો.
તમે વિશ્વ વિશ્રામના ઠામ જેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા.
તમે સૃષ્ટિ સાથે સરજ્યા સર્વ પ્રાણી, તમે વેદ વિદ્યા વિશેષે વખાણી;
તમે માણસોને દીધા મિષ્ટમેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા.
ભજેજે તમોને તજેતે કુબુદ્ધિ, ભજેજે તમોને સજે સર્વ શુદ્ધિ;
ન ભક્તો થશેતે હશે લોક કેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા.
તમારા ગુણો શેષ આદેશ ગાવે, તમારા પુરા પાડનો પાર નાવે;
તમેછો ત્રિલોકીતણા તાત તેવા, દયાળુ તમોને નમો બ્રહ્મ દેવા.
તમે વિશ્વમાં વારિ વૃષ્ટી કરોછો, તમે સર્વદા સર્વ સંભાળ લોછો;
તમે દેવ દાતાર ઉદ્ધાર એવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા.
ભુંડા લોક જે આપનો પાડ ભૂલે, નકી દુઃખ દાવાદળે સર્વ ઝૂલે;
નપામે પછીતે કશો લાભ લેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા.
ભજે શેષને સારદા ચંદ્ર ઇંદ્ર, ભજે આપને નિત્ય મોટા મહિંદ્ર;
સદાશીવ જેવા સજે નિત્ય સેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા.
સર્વદા જો તમે કામ સારાં સજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
જાણજો જ્ઞાન અજ્ઞાનને જુદછે; સેવવા જોગ તો શ્રીહરી શુદ્ધછે;
ભૂતને પ્રેતને તૂત જાણી તજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
કોટિ બ્રહ્માંડનો એજ કર્ત્તાર છે, કામ જેનાં જુઓ સર્વ શ્રીકાર છે;
હે જનો હેતથી હેતુ તેના હજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
ઇંડ જેવાં જુઓ બિંબ આકાશમાં, બાળિયે આપણે ઇંદુ આભાસમાં;
સ્થાપનારાતણા આપ મિત્રો થજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
પાણિને પૃથ્વિ પોતેજ પેદા કર્યા, ધ્યાન દે માનવીને રચીને ધર્યા;
સર્જનારો હશે કોણ તે સોધજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
આપણે કાજ જે અન્ન પાણી ધરે, કષ્ટ કાળે વળી તેજ રક્ષા કરે;
માનવી માત્ર જેથી કરેછે મજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
સિદ્ધિ જેની મહા શક્તિ દીસે સદા, કોઇ કાળે નહીં નાશ જેનો કદા;
વિશ્વના વાસિ સૌ વાસ્યેં વંદજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
આદિ કે અંત જેનો નથી આવતો, જાણજો એજ છે ભક્તને ભાવતો;
ચાતુરી તેતણી ચિત્ત વીચારજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.
જેહમાં કોટિ બ્રહ્માંડ છે રાજતાં; એક અંગુષ્ઠ છિદ્રમાં છાજતાં;
તે તને દીલમાં દાખવા રાખજો, ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો.

પણ ફુરસદના [illegible] ઘણું, પર મરણી પર [illegible];
ફુરસદ પામુંતી તેમ [illegible] રામ, ભજ ઓર્ડે ભગવાન;
ભજ ભાવે ભગવાન ભજનથી, તજ અંધારમાં ફોક ફરસદી;
દલપત કહે સદા શ્રદ્ધા કર, જેમ ફુરસદના [illegible].
અધિક અધિક દહાડું થતો, ઠરતાનું એ ઠામ;
તે માટે ભજિવાના નિશ દિન, નિશ દિન રહીએ નામ;
નિશ દિન રહીએ નામ ન ભુલી, ફુલ કરી રહિએ નહિ ફુલી;
દલપત કહે કહ્યું શું સારી, અધિક અધિક દહાડું થતે.
સુંદર સુંદર નર તું સુંદરીને, સુંદરે શો સંસાર;
આગળ પિયુ નહિ નિરમ રૂપી, શું ન જમે કંસાર;
શું ન જમે કંસાર સરસ તે, [illegible] દિલ નહિ [illegible];
કહે દલપત દિલ દયા કરીને, સુંદર સુંદર નર તું સુંદરીને.

ઉપદેશી સિંહાવલોકન સવૈયા.

કરવા શુ વિચાર સદા દિલમાં, ભવસાગર ભક્તિ કરી તરવા;
તરવાર બહાદુર તેજ ખરો, દિલને નહિ હે દુખથી ડરવા;
ડરવાનું ગણે દિલ દુઃખથી, હરખાય પરાઈ પિડા હરવા;
હરવા પરદ્રવ્ય કહે દલપત, ચહે નહિ ચિત્ત ખરૂં કરવા.
કરિયે પરમારથ પ્રિત સહીત, અને કૃતિ ઉત્તમ આદરિયે;
દરિયે દુખને દુખતો જન દેખિ, દયા દિલમાં મરથી ધરિયે;
ધરિયે રથ ચક્ર ફરે ધરણીપર, તેમ દયા ગુણ વાવરિયે;
વરિયે વર અન્ય નહીં દલપત્ત, પતી જગ કારકને કરિયે.
મળશે નહિ જન્મ મનુષ્યતણો, અઘટિત કર્યા કૃત ઉગળશે;
બળશે નહિ પાપ પછી સઘળાં, તુંજ સંકટ કોઈ ન સાંભળશે.
ભળશે દુખ આવિ અનેક બિજાં, ઉભરાનિ પેઠે અતિ ઉછળશે;
છળશે જગ દૂત કહે દલપત્ત, પછી તુજ પાપ પુરાં મળશે.
ધરથી શુભ ધર્મ વિચાર ધરો, ડરવું ન પડે જમના ડરથી;
ડરથી તજો ધર્મ ન દોષ કરો, નિપજે નહિ કાંઇ કદી નરથી;
નરથી નિપજે સુખ કે દુખ તો, પછિ સર્વ પિડાય પરસ્પરથી;
પરથી ન બને કશું એ દલપત, બનેજ બધું ધરણી ધરથી.
ધનમાં મન ધારિ ધમા ધમ કાંઇ, રહ્યા નહિ નેહ નિરંજનમાં;
જનમાં ધરિ જન્મ જનાર જેમ, ન કાઢિ ઘડી કદી કીર્તનમાં;

મનહર છંદ.

સારૂં કામ કરે તેની ખામીઓ ન ખોળી જોવી, સારા સારા ગુણ જોઈ રહેવું જે
શાણપણે શાણા જનો સજે કામ તોય તેમાં, નક્કી જાણો કશું કહેવાનું રહે
ઇશ્વરના કામમાં અનેક રીતે ખામી ભાસે, ગણીગાં ગિઠાશ નહિ નિધિ જળ
કહે દલપત કોટિ ભાનુનો આ ભાસ છતાં, આશગાની રંગ આ આકાશગાં

દોહરો.

સૌ વાતે પડદો ભલો, ખુલ્લે દિસે બિગાડ;
ત્વચા ગઢયું શોભે શરિર, વસે માંહિ ગંદવાડ.

પોતે પોતાનું કામ કરી લેવા વિશે.

દોહરા.

અંતરમાં ઈશ્વર ધરી, પ્રેમે કરી પ્રણામ; શુભ ભાસે તે સર્વદા, કર તું તારૂં
કોઇ વખાણે વિશ્વમાં, કોઈ કરે બદનામ; તેની તો ચિંતા તજી, કર તું તારૂં
પ્રથમ વિચારિ તપાસિજે, પોતે તું પરિણામ, શુભ ફળ દાયક સંભવિત, કર તું તારૂં
સ્વભાવ જૂદા સર્વના, તે નહિ ગમે તમામ; કોસારૂં નરસું કહે, કર તું તારૂં
બહુ ધન ખરચી બાંધિયે, ધરણી ઉપર ધામ; કોઇ ઊંચું નીચું કહે, કર તું તારૂં
ભલા કુવાને પણ ભલો, ગણે ન સઘળું ગામ; કહે કો પહોળો સાંકડો, કરતું તારૂં
સજ્જનતણી સલાહ લે, ઠીક કરી મન ઠામ, ભાસે જે તુજને ભલું, કરતું તારૂં
આરંભ્યું પૂરૂં કરી, વળતી લે વિશ્રામ; વચમાં વાત ન સાંભળિશ, કરતું તારૂં
આળસ તજી અહોનિશા, હઈડે રાખી હામ; સર્વેનું શુભ ચાહિને, કરતું તારૂં
કોઈ મુરખ્ખી માનશે, ગણશે કોઇ ગુલામ; હરખ શોક તેનો તજી, કરતું તારૂં
જે માટીનાં માનવી, તે શું દેશે દામ; ઈશ્વરની આશા ધરી, કરતું તારૂં
સલાહ સારી સર્વદા, દેછે દલપતરામ; નિર્મળ મન નિશ્ચય કરી, કરતું તારૂં
તેજ તમારૂં જાણજે, કીધું જે શુભકામ; પછિ બીજા પૃથ્વી વિશે, દાટયા રહેશે
પ્રભુની સદાય પ્રસંનતા, કરે તેજ શુભ કામ; કાં કીર્તિ ભૂખ્યો કરે, નિશ્ચળ રહેવા
નિંદા સ્તુતી નવ ગણો, કરો આપ શુભ કાજ; કર્યા જાયછે કામ નિજ, જેમ મેઘ રવિ

સવૈયા.

વાર તમે તલવાર કરો ન, સદાશુભ કામ ધરો કરવા;
વાર કરો ધરિ દીનજનોનિ, કરો જન કષ્ટથકી તરવા;
વાર નકી થઇછે વચમાં, તઇયારી થઇ ફરવા રમવા;
વારમવાર કહે દલપત્ત, સદા ભવતીર તમે તરવા.

ઇચ્છે જેવું અવરનું, એવું આપનું થાય; નહિ માનો તો કરિ જુઓ, જેથી તુરત જણાય.
પરનું બિગાડતાં પડે, જોખમ આપ જરૂર; પ્રજાળતાં "શિવપુત્ર†"ને, પ્રજળ્યું લંકાપુર.
તદબીરે તરકટ કરી, પરઠે તોગત પાંચ; પણ સૌ જાણો સાચને, કદી ન આવે આંચ.
જોર વિના સન્મુખ રહી, જે રવિના સન્મૂખ; રહિ ઉભો રજ નાંખશે, પડે પંડને મૂખ.
કંતારે કોકિલતણો, રચ્યો મધુર શુભ રાગ; અદેખાઇ ઉરમાં ધરે, કોકિલ ઉપર કાગ.

કવિત. ચંદ્રગ્રહણ વિષે—પૃથ્વીપ્રતિ ઉક્તિ.

ભાનુતણી પ્રભા, ભૂમિ તુજપર ચંદ્રપર, પડતી હતી, હતી રીતી તે કેક કાળની;
ઇંદુ પ્રભા પામી તને, આપતો ઉજેશ લેશ, તેં વિશેષ લોભે ગતિ કીધી ખોટા ખ્યાલની;
તેં જાણ્યું જે વચ્ચે પડી પામું હું બધો પ્રકાશ, ચાલી દલપત ચાલ ચાડિયાની ચાલની,
ઇંદુમાં અંધારૂં થતાં, તુજમાં અંધારૂં થયું, ચેતી લે અચળા ચૂક, તે તારી કુચાલની.

વાદવદવા વિશે તથા પક્ષપાત વિશે.

દોહરા.

સરસ ચિત્ત ચરચાવિષે, સંપ તથા સંતોષ;
દ્વેશ બુદ્ધિ ચરચા વિશે, કલેશ વૈર ને રોષ.
કરિયે ચર્ચા જ્ઞાનની, અતિ ઉમંગ ધરિ ઉર;
પકડે રૂપ લડાઇનું, દેખી ખશિયે દૂર.
માન તજીને માનિયે, ભલે પ્રકારે ભૂલ;
તો સીધો રસ્તો જડે, ફોગટ તજિયે ફૂલ.
અસત્ય ભાષણ ઇરશા, નિર્દયતા દિલ રોષ;
દુર્વકતાદિ દુરાગ્રહે, દિસે ઘણેરા દોષ.
આપ આપની સ્થિતિ તરફ, તાણ્ય ખેંચવું તાન;
શિયાળ તાણે શીમભણિ, વસ્તી સન્મુખ શ્વાન.
વાદીથી ડરિ વેગળા, ઉભા રહિયે આપ;
વાદી આગળ હોયછે, ક્રોધી કાળો સાપ.
કદિ કરવો નહિ કોઇએ, વાદીનો વિશ્વાસ;
સંભળાવિને મધુર સ્વર, પકડે નાંખી પાસ.
જે વાદીના જોડિયા, ઝેરી જાતે હોય;
તે વાદી સાથે સજન, વાદ ન કરશો કોય.
માને તેને મુખથકી, દઇએ શુભ ઉપદેશ;
નહિ માને તો તે વિષે, દિલ નહિ ધરિયે દ્વેષ.

---

† શિવ પુત્ર—હનુમાન.

મનહર છંદ.

પેગાને હેમો પુછે છે જૂગાવીમાં પ્રતિ વર્ષે, મેઠ ત્રણ માંડીએ મોગાસે માથ ચાર જે;
એક મેઠ કહી કે જાર કરી જુગજુઆ તે, પેમો કહે એકજ છે એકજ પ્રકાર જે;
હેમો કહે તારે કહે એકજ મનાય કેમ, ન્હેંઢીઓએ જુગજુઆ ખતાવેલા છે ચાર જે;
કહે પેમો તારી સાથે કરે કોણ માથા કુટ, જા હેમા તે જુગજુઆ છે તુંનો તારે ચાર જે.

વિરોધ વિષે.

વાદ વદવાથકી વિરોધ ક્રોધ વધી જાય, વાદ વદવામાં કશો સાર નથી કહીએ;
વાદ વદી વેર કરી ચિત્ત નહિ ચાવરીએ, વાદ વદી સામે પુર પડીએ ન નદીએ;
વાદ વદી જગમાં ન જગીએ જરા વિરોધ, વાદ વદી લડીએ ન ગડશ ગડદીએ;
વાદ વદવામાં કોટિ કષ્ટ દલપત કહે, નિશ્ચિત ન્હારાથી ન્હારો વાદ વદીએ.૬
શું કરવું હારા કરી બોલે જ્યાં ન્હારા બોલ, શાણી એવા જુદા લોકજાય પાણી ભાગીએ;
દેશ કે કલેશનો પ્રવેશ લેશ લેખીએ તો, કરીને નિકાળ તતકાળ તેને ત્યાગીએ;
એક જ્યાં વિવેકહીન ત્યાં થકી તો છૂટવાને, લાખ વાર તેને લળી લળી પગે લાગીએ;
કહે દલપત માફ મગાવે જો ચાર વાર, ચાર વાર શું હજાર વાર માફ માગીએ.

દુમેલા છંદ.

શુણુરે નટ શુદ્ધ શિખામણ સારિ, કૃપાધિ તને સમજાવું કથી;
શિર સાત ઘડા ધરિ બાળક બે લઇ, દોર ચડી ઉતર્યો દુઃખથી;
કરિ કોડ કળા દલપત્ત કહે, સુખ ખેલ કરીશ ગરીશ ગયી;
ન ખડ્ગ કથવા નિરધાર કર્યો, નર તે પ્રજને વદનાર નથી.

ઉપજાતિ વૃત્ત.

વાચાળજને વાદ વૃથાજ થાપે, તથાપિ તે સત્ય કરીજ આપે;
ભરી સભામાં શત વાર ભૂલે, તથાપિ બોલે કઠિનાઇ કબૂલે.
વાચાળ શું લોક કદિ ન કીજે, જાદુગરોથી ખળ બાંધિ લીજે;
સુજ્ઞે ન તેના સઘળા શિરસ્તા, વિચિત્ર તેના છળની વ્યવસ્થા.

સોરઠો.

જેને જેનું ભાન, તે સમજે તે વાતમાં;
અવસર ધરે અજાણ, માને નહિ મનાવતાં;

૬ એવા અર્થ જણાયછે કે ન્હારા સાથે ન્હારો વાદ વદીએ પણ ખ-
રો અર્થ એછે કે વાદને ન્હારાથી ન્હારો કહીએ.

દોહરા.

સાકર તજે ન સરસપણું, સોમલ તજે ન ઝેર; સજ્જન તજે ન સદ્ગુનતા, દુરજનતજેન વેર.
કહે નપુંસક પુંશ્ચલી, શુધ ન કરે વ્યભિચાર; ક્ષમા ક્ષમાધર નવ તજે, હાર્યો કહે ઉંગાર.
હાર વિષે ગુણ હોયછે, શીતળ સુવાસદાર; મળતાં શોભા ગાનજે, હડિલા જનથી હાર.

ઉપજાતિ વૃત્ત.

ખરેખરૂં જે સુખ છે ક્ષમામાં, રહ્યું નથી તે સઘળું રમામાં;
રે ઝેર કેરી ભગિની રમાછે, સુધર્મની પત્નિ ખરી ક્ષમાછે.
ક્ષમાથિ શત્રૂનિ ફજેતિ થાશે, જો આપણું સત્સપણું જણાશે;
ક્ષમાથિ થાશે જસકામ ઠામે, દિસે વિચાર્યું દલપત્તરામે.

દોહરો.

સમર્થ થૈ રાખે ક્ષમા, જુવાન છતે કામ;
એજ અધિક વખણાયછે, ભાખે દલપતરામ.

લક્ષ્મી સંબંધી વિષયો.

મનહર છંદ.

લક્ષ્મીથી થાય મોટા જન તથા રાજા શુરા, રાજ વિદ્યાભ્યાસ વિના લાંચિયા જણાયછે;
જુલમી જોરાવર ને નિર્બળ દીસેછે કૈંક, પેટ ભરવાની પીડા વાળાએ ઘણાયછે;
ચડતી પડતી દશા દુઃખ કે કરજ થાય, કૂલણજી તથા કરકસર ગણાય છે;
કંજુસ, ગરજ તથા કિંમત કહેછે જેમાં, લક્ષ્મીના અંગમાં તે સર્વ વખણાય છે.

લક્ષ્મી વિષે રૂપૈઆના ગુણ.—છપ્પા.

તું કર પરઉપકાર, તુંજપર પ્રાણ તજાવે;
તું બોલાવતો આગ, તુંજ બહુ દેશ દઝાવે;
તુંજ મળાવે માન, તુંજ અપમાન અપાવે;
તું રક્ષણ કરનાર, તુંજ કદિ શીશ કપાવે;
અવગુણ પણ તુજમાં અતિ ઘણા, ચિર ગુણના પણ ચોકડા;
કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા.
તુંજ સજાવે સ્નેહ, નેહવળિ તું તોડાવે;
તુંથી થાય સલાહ, વેરથી તું ફોડાવે;
તું ઉપજાવે હરખ, શોક લખતાં નહિ લેખું;
તુજમાં સઘળાં સુખ, દુઃખ પણ તુજમાં દેખું;
બહુ રાજ રિદ્ધિ તુજમાં રહે, જડે કરની જો કડાં;

કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા.
મણિ હીરા તુજમાંહિ, ગહ્યા રસ મોહ મેવા;
હાથી, ઘોડા, હેમ, મકાન તુજમાં તેવા;
પુત્ર, પ્રિયા, પરિવાર, દેખતાં તુજમાં દીઠાં;
ગાન તાન રંગ રાગ, પાનનાં* તુજમાં પીઠાં;
તું સિંહ સમો સંસારમાં, બીજા બિચારા બોકડા;
કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા.

ઈંદ્રવિજય છંદ.

જેનિ છતે છત સર્વ દિસે, અછતે જન દીન ગણાય અજાનો;
જેનું ધરે જન ધ્યાન નિરંતર, છે ગન મોહિતકારિ ગજાનો;
દ્રષ્ટિ અજે નહિ તોપણ તે, અધિકાર ધરે સુખ દુઃખ સજાનો;
સત્ય કહે ગણી સર્વ કર્તાધર, છે પરમેશ્વર એજ પ્રજાનો.

દોહરા.

ઓ લક્ષ્મી તું અવનિમાં, અદ્ભુત દેવી એક; મોટા તુજ મહિમા થકી, ઉપજે પાપ અનેક.
જીવન જેવી જગતને, તું પ્રિય પ્રાણાધાર; તુજ અર્થે જન તન તજે, પામે કષ્ટ અપાર.
તું તોડાવે સંપને, તું જોડાવે સંપ; તુજ કારણ ભમતા ભમે, જીવ ન પામે જંપ.
પુત્ર પિતા સાથે લડે, પુત્રી સાથે માત; લક્ષ્મી માટે લદાધા, લડે ભ્રાતને ભ્રાત.
કૈક કરેછે કાસદાં, કઈક કરે વેપાર; ચોરી કરવા ચોર જન, તુજ કારણ તૈયાર.
બાંધ ખાયછે લાંચિયા, સતી તજેછે સત્ય; ધર્મી કરે અધર્મ ને, તે સૌ તારૂં કૃત્ય.
પંડિત તો પાછળ રહે, મૂરખ પામે માન; વખાણ પામે વિધવિધે, વિશ્વ વિષે ધનવાન.
તુંતો તસ્ત ત્રિલોકમાં, જબરૂં તારૂં જોર; સૌ તુજથી કહેવાય છે, સાહુકાર કે ચોર.
કોઈ ધરાય ન તુજ થકી, મળે લાખ કે ક્રોડ; ધણી મળે તેમજ ધણી, માંડે દોડાદોડ.
મનસુબા મોટા કરી, સંગ્રહ કરે સદાય; અણચિંતો પણ એકમાં, જીવ તજીને જાય.
બહુ લક્ષ્મી ત્યાં દુઃખ બહુ, કરતો થાય કમોત; જોતાં જોતાં જાય છે, ગોરણું ગોળા સોત.
જેણે શુભ કારજ કર્યા, લઈને તારો લાવ; જરૂર તે જીતી ગયા, દુનિયાં મહદ દાવ.
જેણે જર જોડી કરી, કર્યું ન રૂડું કામ; વ્યર્થ ગયા તે વેતરા, દાખે દલપતરામ.
પૈસાનો વડિ પદવિનો, વિશેષ શો વિશ્વાસ; રાવણ કેરિ રિદ્ધિ પણ, પળમાં પામી નાશ.
અરે મહા શ્રીમંતથી, ભલો અલ્પ શ્રીમંત; દહન દેહ દિનકર કરે, શશિ શીતળતાવંત.
આગર દોલત અંગના, જન્મા એકિને જાણ; અતિ હકદરિ અટકાવતાં, પંડે ખોયએ પ્રાણ.
ઉત્તમ સૌથી આજછે, દુનિયાં મહદ દામ; જેની ગાંઠે દામ તે, ડાહ્યો દલપતરામ.
સર્વે થકી શ્રીમંત કહિ, કોઈ થયો કુબાર; ઘર ઉપર આંબાડિ શુભ, લાગે નહિ લગાર.

---

* પાનના-પીવાના.

મોટા માણસ વિષે.—ઉપજાતિ વૃત.

મોટાતણાં પેટ સદૈવ મોટાં, છોટાતણાં પેટ સદૈવ છોટાં;
વર્વાદને ગાળ જનો ભણેછે, તથાપિ તે ક્યાં કદિયે ગણેછે.

દોહરો.

વળિમાં જોઈ વિચારિને, ખિલો એક ખોસાય;
મોટા માટે મોભમાં, ઘણા ખિલા ઘોચાય.

ઇંદ્રવિજય છંદ.

ગારિકુટી ચકચૂર કરી, ભભરાવિએ ભૂકિ મરી મરચાંની;
મિશ્રિત ખારતણું જળ છાંટિ, પિંડા કરી વેલણથી વણવાની;
અંતર છેદ કરી ઉચકી, તળિયે વળિ તેલ વિષે તપતાની;
તોપણ પંડ જણાય પ્રફૂલિત, વિશ્વ વિષે જુઓ રીત વડાની.

દોહરા—વ્યાઘાત અલંકાર.

દાસી સાકર ખાંડતાં, કર્યો ન ઝીણો જેર; રાયે સાકર ગાંગડા, ચવરાવ્યા પારોર.
મર્યાદે મોટા રહે, નહાનાનો ન ઠરાવ; સમુદ્ર હદ તોડે નહિ, તોડે નદી તળાવ.

મનહર છંદ.

તાણતાં તણાય નહિ તાણનાર તાણી ગરે, તે તો ધર્મ કુસંપી ધંધામાં કે ધરાળમાં‡;
ઉત્તમ મધ્યમ સર્વ એકઠું જ કુટી મારે, એતો ગુણ અવિવેકી પ્રાણી કે પરાળમાં;
ઉત્તમ મધ્યમ મળ્યાં અલગ અલગ કરે, એતો ગુણ મહા મતિમાન કે મરાળમાં;
ઊંચી ગતી ચઢે ને ચઢાવે દલપત કહે, એતો ગુણ વડા વડા લોક કે વરાળમાં.

દોહરા.

છોટા જનને આશરે, નભે ન મોટા કોય; હાથી નાની હોડિયે, તરત ડુબાવે તોય†.
મોટાના આશ્રય વડે, કરી શકે સઉ કામ; પથરા પણ પાણીપરે, તર્યા રામને નામ.
મોટાના આશ્રિત જનો, વગર ઉદ્યમે ખાય; પવન ખાય વણ પંખવે, જે પર્વત પર જાય.
મોટા જન જેની તરફ, ચડતી તેની થાય; સૂર્ય તરફનું ચંદ્રનું, ઊંચું શિંગ જણાય.
મોટાને સૌમામકે, જુઓ જગતનો ચાલ; જહાજ મોટાં જાયછે, ગણ અગણિત લૈ માલ.
તજી પ્રતિજ્ઞા ચક્ર ધરિ, કરિ હરિયે વઢવાડ; કોઈ ગરિબ એવું કરે, લોકો કહે લબાડ.
છોટાને લાંછન ચડે, મોટાને ન લગાર; પાંચ પતી પણ દ્રુપદી, સતી શિરોમણિ સાર.
મોટા ચાહે તે કરે, ન ગણે જગ ઉપહાસ; વર્ષા જગ પાલન કરે, કદી કરે જગ નાશ.

---

‡ ગાડાને ધોસરા તરફ ઝાઝો ભાર થાય તે ધરાળ, અને પાછળ ઝાઝો ભાર થાય, તેને ઉલાળ કહેછે. † તોય—પાણી.

હિરૂ મેઘાતણો, દેખાવવાનો દસ્ત, પીધો સિંધુ આમસ્ત પણ, મૂર્વ તેજમાં અસ્ત.
ઈ કુંભારનું જન ગળી, પામે શોભા પ્રેમ; શોભે સોનાતમાં જડી; હીરા મોતી હેમ.
ય દુઃખ સર્વે પ્રસતણું, મોટાને ન જણાય; ફરિયે ત્રીજી આંખ તો, દુર નીજ દેખાય.
પી ઊંડા અધિક, ઉપયોગી દેખાય; અધિક અનાજ કપાસના, ઊંડાથી મૂળ થાય.
ની સંભાળથી, ઊંડા કરે નિવાસ; હળ સાંતી નય હોય તો, વધે ન અંન કપાસ.
નરને નવ ગમે, ઉપરતણો ઉપચાર; દિસે દિવાકર દીપતો, સળ્યા વગર શણગાર.
પુરૂષ ભોગહાયકી, જણાય ઉગતા જાત; કોરતુંગ કેરી કીર્તિથી, પથ્થર થયા પ્રખ્યાત.
જ પાસે પર મલું, સમપંથી ઘર દુર; ચંદ્ર સમિપ છે તે બસો, ભાસે દુરછે સૂર.
માં તોય અધિકાર પર, શોભે પામે માન; વાળ મુગટથી જે પડ્યો, રખડે રાંનો રાન.

રાજા વિષે દોહરા—દ્વિઅર્થી.

રૂપે વાત નર+ કાર મી, રે નરપતિની પાસ; એગ ન સમજે એહનો, નિશ્ચે થાય વિનાશ.
મનો દેહરિતણો, હુકમ પયે જતું હોય; આઢ્યજણની આપશુકનની, તકમાં આવે તોય.
રીનરપતિઅગ્નિનો, અતિપ્રસંગ દુઃખમૂળ; જો રહિંગે આગાગાતી, લાગ નહિ ખિમકૂસ.
પ બરાબર તો કરે, રીઝે જો દિલ રાય; દિનકર દત્ત પ્રકાશથી, શશિ રવિ જેવું જણાય.

દ્વિઅર્થી.

જીવન‡ ખેંચી કરવડે, જગમાંથી જગદેવ; આપે ઉદારતા ધરી, તે છે રૂડી ટેવ.
જે શોષણુ પોષણુ તજે, રાજા કે રવિદેવ; તો દુનિયાં દીસે દુઃખી, ત્યાગે સુખ તતખેવ.
ખેતી પ્રતાપે નિમતા, એ ઇશ્વર કૃત ન્યાય; શશિ શીતળને સૂર્યથી, તિમપણું ન તજાય.
કુમદાને સાદાપણું, દૈવે ગમે હમેશ; કનક કોપદઇદાસને, ધરે ભભૂત મહેશ.
વર્તમાન જેનો અમલ, એ ઉત્તમનૃપ ખાસ; વર્તમાન મહિનો બધો, દ્વિજમાસોત્તમમાસ.
અભ્યાસે વિદ્યા મળે, ખેતી થકી અનાજ; વ્યાપારે ધન સાંપડે, ખાંડા બળેજ રાજ.
અમલ કહેછે કેફને, અમલ છરવે કોય; ભૂલે ભાન અમલથકી, હજાર વાતો હોય.

રાજનીતિ ભુજંગી છંદ.

મહીપાળ હૈડે સુણો વેણ સારૂં, કહું પ્રીતથી હીત આવી તમારૂં;
તજી ક્રોધ આ બોધ રાખો સુરીતી, સદા સ્નેહ રાખી સુણો રાજનીતી.

દોહરા.

પિતા જેમ નિજ પુત્રની, સદા કરે સંભાળ; કરખા કરિ તેમજ કરે, પ્રજાતણી ભૂપાળ.

+ નકાર અને મી એટલે નમીને સ્ત્રીએ, પોતાના પતિ નર સાથે વાત કરવી.

‡ જીવન એટલે જળ, કર એટલે કીરણ જગદેવ—સુરજ, બીજો અ-ર્થમાં લોકોનું જીવન નાણું તે કર એટલે વેરા વડે ખેંચીને જગદેવ એ-ટલે રાજ જરૂરને પ્રસંગે રૈયતના સુખ વાસ્તે પાછું વાપરે છે.

[illegible]

અનહદ છંદ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રજાએ પ્રૌઢ પ્રતાપ પામી, ન નમ્રતાની ઘણી માત્ર ખામી;
ખજાના વધારીને ન મતલબ ઘેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
ફુલાસ કે ક્રોધ કુબોધ છાંડી, પ્રજા હિતે કારણ હેત માંડી;
વ્યસન તે દુર્ગુણ તો તજેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
ભણ્યા ભણીને મનુષો ભણાવ્યા, તથાપિ તેના શુચિ ચિત્તમાંથી;
મહાપનાના મદતો મરેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
સદા સુરો વાંકડિ મૂછ વાળા, દિસે પરાયા દુઃખથી દુઃખાળા;
પરોપકારે રણમાં પડેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
અજીત શત્રુ જયરાજ જેવા, નમાવિ કીધા તૃણ તુચ્છ તેવા;
મહા સમુદ્રો બળથી મથેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
અલક્ષ લક્ષ્મી અરિ છતિ લીધી, કવીંદ્ર જેને વળી કીર્તિ કીધી;
વિશેષ થોડી વયમાં વધેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
વિદ્વાનને માન વિશેષ દેતા, ગુણી જનોના ગુણ જાણિ લેતા;
જણાય જેના જસલેખ લખેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
જ્યોતિષ્યોની રૂડિ રીત જાણી, અપાર ઉત્સાહ પ્રવાદ આણી;
રહસ્ય ગ્રંથો કવિએ રચેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા.
હરેશ એવા નૃપ સર્વ ઠામે, અરે ન દીઠા દલપતરામે;
ગુણીએ ધારી વળિ સાંભરેલા, કૃપાળ ભૂપાળ ભલા ભણેલા,

વ્યંગાર્થ—મનહર છંદ.

એક સમે એક ક્ષત્રિ આગળ બ્રાહ્મણે કહ્યું, અરે આજ અસલના ક્ષત્રિ યાદ આવિયા;
માં ન થવા દેતા પરદેશિનો પ્રવેશ, જેઓએ સંગ્રામ સજી જસ સંપડાવિયા;
ખરે આ ભરતખંડ ભૂમિએ એવા ભૂપાળ, શુરવીર ધીર ગુણવાળા ક્યાં ગુમાવિયા;
કહે દલપતરામ સુણીને ક્ષત્રિએ કહ્યું, અસલના ઋષિઓના રક્ષણે‡ સિધાવિયા.

ભોજરાજા વિષે.—ઝુલણા છંદ.

કોઈ શ્રીમંતતો શ્રેષ્ઠ હીરામણી, અધિક સંગ્રહ કરે કીર્તિકાજે;
કેકતો હાથિ હય સરસ સંગ્રહ કરે, ખાંતથી ખરિદ કરિ મૂલ્ય ઝાઝે;
કંઈક તો ચાહિને વાઘ ચિતા તથા, પાળિને પક્ષિ નિરખી નિવાજે;
પાંચસે પંડિતો કુશળ કવિતા તણા, ભાવથી રાખિયા ભોજરાજે.

દોહરો.

એક નૃપે કવિને કહ્યું, ન ગમે મને વખાણ;
સુણિ કવિએ ઉત્તર કહ્યો, સાંભળ રાય સુજાણ.

* રૂજા—પીડા. ‡ મતલબ કે અસલના બ્રાહ્મણો ગયા, તે ભેગા ક્ષત્રીઓ ગયા.

ઇંદ્રવિજય છંદ.

[illegible]

દોહરા.

[illegible]

[illegible]—મનહર છંદ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

બ્રાહ્મણ બોડીયો.

ભક્તિમુંડે બેઠે અસા ભાગ્યથી હું જુપચાપે, બેનામાં બેઠીને રોજ જાઉં ભિક્ષા માગવા;
ધાટા મોટા વરા કરી હું જમવા જાઉં અને, બ્રાહ્મણ બીજાનાં અભિમાન સાથું ભાગવા;
હરિવેગમાં તું જાવા વેશ વધારું અને, દક્ષણા પૂજા તો અનેક રાખું આગળ;
જાંપે શત્રુ બોલ તેને આપું હું આશીર્વાદ, બ્રાહ્મણ જાણીને તેનો લાગે પગે લાગવા.

દોહરા.

સર્વેજને મુણ્ડિયો કર્યો, મન નિશ્ચય મજબૂત;
રાજબીજ જે હોય તે, રાજા જેમ રજપૂત.

કારભારી વિષે.

રાજકાજ કરનારનાં, વખાણ નિંદા થાય;
જનૈયા ગૌરવ જમે, તે ગાળો પણ ખાય.

કુરાજ વિષે—દોહરા.

શોભે સદૈવ સરકરા, મૂર્ખ પ્રજાપતિ પાસ; નિર્ફળ પર્વત પર સદા, હોય પથ્થર કે ઘાસ.
હાકેમ કે શ્રીમંત જન, જેમ કરે તે થાય; ગરીબ ખડખડતો રહે, રાવ કરે તે ન્યાય.
ન્યાય રાજમાં તો ડરે, કાં બાળક કાં ચોર; સાહુકાર તો ત્યાં ડરે, જહાં જુલમનું જોર.
શોભે રંગમાં સંગ તે, સિંહ કેમ કહેવાય; સિંહ પુરુષ સ્વર્ગે ગયા, સંગ રહ્યા સમજાય.

વસંતતિલકા વૃત્ત.

નિત્ય પ્રતાપધરનો જસ તો ન જામે, સ્નેહીતપ્રીત શુભ કીર્તિ પ્રકાશ પામે;
અગ્નિનું તેજ જુગિમાં વધતું ન ભાસે, દીવાનિ દિપ્તિ ઘરમાં પ્રસરી પ્રકાશે.

દોહરા.

પુંછ નહીં પણ છે પશુ, નિરુપયોગિ તરુ રૂપ;
નહિ ચણતરના કામનો, પથ્થર અગાધનો ભૂપ.
કુરાજમાં જઈ દાન કવિ, લેશ ન પામ્યો માન;
ઉતરવાને નવ મળ્યું, મકાન કે દુકાન.

મનહર છંદ.

ધ્યાન તો નિધાનના‡ વિધાનનું* પ્રધાન ધરે, કોણ પ્રભુ ધ્યાનના વિધાન મધ્ય ધ્યાન દે;
મહા અભિમાન ભર્યા માનવી સમાન સર્વ, કોણ મતિમાનને ત્યાં માનવીમાં માન દે;
દાનની નાદાન લેવા દાન ને નિદાન દોડે, કોણ ત્યાં વિદ્વાનને મેદાન પડી દાન દે;
કાનનાં† મકાનમાં છકાનનું રકાન છે ત્યાં, કોણ કવિ દાનને મકાન કે દુકાન દે.

‡ નિધાન-ખજાનો. * વિધાન-ભરવાની રીત † કાનના—ઠાકોર કાનાજીના દરબારમાં ગણુ દાવાની મજુરીમાં મેમાનને ખાવાનું મળતું હતું.

દોહરો.

વિપ્ર ખરો તે જાણિયે, જે વિદ્યા ભરપૂર;
તેમ હોય ક્ષત્રી ખરો, દાનશૂર રણશૂર.

શૂરવીર છત્રીશી. કુંડળિયા છંદ.

પ્રજા ઉપર પીડા પડે, ચડે શત્રુ ચોપાસ; શૂરવીર હીમત સજે, તજે મરણનો ત્રાસ;
તજે મરણનો ત્રાસ, વાસના તજે વપૂની; ગડે ધરિ ગરદાભિ, રગડવા ફોજ રિપૂની;
દાખે દલપતરામ, ધન્ય તે મરદ ધરાપર; તનને સમજે તુછ, પડે જ્યાં પીડ પ્રજાપર.
સામા શત્રુ સહસ્ર નેં, હોય એકલો આપ; હીમત છાંડિ હઠે નહીં, છે જેને શિર છાપ;
છે જેને શિર છાપ, બિહે નહિ બહુની બિહિકે; મારિ શત્રુ ને મરે, ફરે નહિ મોઢે પીઠે;
દાખે દલપતરામ, કહે નહિ શબ્દ નકામા; ડરે નહીં દિલમાંહિ, શત્રુ બહુ દેખી સામા.
ઢાલ હાર્ય હીમતતણી, હાજર તે હથિયાર; તથા નિરાશા તનતણી, બખતર તે બહુસાર;
બખતર તે બહુસાર, અન્ય નહિ બખતર એવાં; બીજાં બખતર બધાં, જુવતિની કાંચળિ જેવાં;
દાખે દલપતરામ, મરણ ખેંચી લે માથે; પકડે રૂડી પેર, ઢાલ હીમતની હાથે.
તન જોરાવર જોઈને, નહિ જોરાવર જાંણ; મન જોરાવર જેહનૂં, ભડ નર ભલો પ્રમાણ;
ભડ નર ભલો પ્રમાણ, મરણિયો થઈને મંડે; ભુલિ શરિરનૂં ભાન, ખૂબ રિપુદળને ખંડે;
દાખે દલપતરામ, જુઓ બળવાન જનાવર; વદિયે નહિ શુરવીર, જોઈને તન જોરાવર.
પ્રજા અર્થ લડતાં પડે, પડમાં જેના પ્રાણ; ધન્ય પિતા માતા અને, જન્મ્યો ધન્ય સુજાણ;
જન્મ્યો ધન્ય સુજાણ, વિશ્વજન વિવિધ વખાણે; રિઝે જગતનો રાય, ડરે નીર્ભય ઠેકાણે;
દાખે દલપતરામ, પરમ સુખ પ્રભૂ પમાડે; જો જગમાં જન કોઈ, પ્રજા અરથે તન પાડે.
પ્રજા ઉપર પીડા પડે, જુઓ મરદ થઈ જેહ; મરણથકી મનમાં ડરે, તુચ્છ બુદ્ધિનો તેહ;
તુચ્છ બુદ્ધિનો તેહ, મરદ નહિ માદા જાણો; નહિ મોઢાપર મૂછ, પુંછડું એજ પ્રમાણો;
દાખે દલપતરામ, પુરૂષ ધડિગો પશુ ઘડતાં; ઘરમાં પેસે ધુડ, પ્રજાપર પીડા પડતાં.
મરવું માથે મનુષને, અવશ્ય એકજ વાર; નહિ છોડે તે નાસતાં, કરતાં કોટિ પ્રકાર;
કરતાં કોટિ પ્રકાર, એક દિન નહિ ઉગરિયે; સનમુખ થઈ શામાટ, મરદ થઈને નહિ મરિયે;
દાખે દલપતરામ, સુજશ મેળવિયે સાથે; અવશ્ય એકજ વાર, મરણ માનવિને માથે.
મરવાથી મનમાં ડરે, કરે જિવ્યાના કોડ, અર્થ નહીં એકે સરે, ખરેખરી તે ખોડ;
ખરેખરી તે ખોડ, હોડ કરતાં તે હારે; વિદેશમાં વાચરી, કેમ કરિ કીર્તિ વધારે;
દાખે દલપતરામ, દુઃખ નહડે ડરવાથી; કશું બને નહિ કામ, બિકે મનમાં મરવાથી.
પગલે પગલે પ્રાણિને, માથે વગન્નું મોત, સુતાં બેઠાં સોંડતાં, સદા મરણ જખ્ખોત;
સદા મરણ જખ્ખોત, સરપ અગની ઘર માંહી; ડરિયે તો દિસિ કોઈ, કેમ જઈ રહિયે ક્યાંહી;
દાખે દલપતરામ, જુઓ જોતામાં કેમ છે; મરણતણો ભય મહા, પ્રાણિને પગલે પગલે.
કુવામાં એકે ઘર પડે, પાડે ફાટે ચાન; કુવા ઉપર જઈ કેમ કરિ, બાંધશે નીર નિદાન;

રિયે નીર નિદાન, મરજીથી જો મન કરિયે, જાતાં લાગે વાર, જળને કેમ ઝિલરિયે;
ભે દલપતરામ, જહાણ બૂડે સાગરમાં; કરિ કર્યાં જહીને દૂર, બેડે પર બેડે ઘરમાં.
પાને તો પિંડ નિજ, તજતાં ઉપજે ત્રાસ; પુન્યશાળિને પણ સચિત, વસતો છે જઈ પાસ;
વસતો છે જઈ પાસ, ગરજુથી મન ન ભમાડે; આંજરની પંપુડી, ફાગ લગી શુંથી વગાડે;
ભે દલપતરામ; સેવ જર રજ આણીને; તેને શીનો ત્રાસ, પાસ પૂરો પાણીને.
વેઠ દેઈ અને ચડે, ઝડે ધબુને લાગ; રિપુદળપર તૂટી પડે, પાછો નઘરે પાગ;
પાછો નઘરે પાગ, પાન વાગે પડમાંહીં; ચડે ચોગણું નૂર, કરે નહિ ચિંતા કાંઈ;
ભે દલપતરામ; શરિરમાં ઘાવ નસાવે; આહ્કો નપિ ઉમંગ, ટેક આપે ચડિ આવે.
રણશિંગાનો રવ સુણી, ચડે શરીરે શૂર; સિંધુરાગ સુણિ ચોગણું, નરતન ઉપજે નૂર;
નરતન ઉપજે નૂર, કરે નામરદ નકારા; થરથર ધ્રૂજે સ્થૂળ, ગણે પછિ તે પોબારા;
ભાખે દલપતરામ, શૂર તે કહિયે શાનો, હરખ ન ઉપજ્યો હોય, સુણી રવ રણશિંગાનો.
તોપતણા લાં તે સમે, ભલા ભડાકા થાય; ગડુડુડુ ગોળા ગડગડે, ધણાક લોક ધવાય;
ધણાક લોક ધવાય, રુધિરના ચાલે રેલા; ખરાખરીનો ખેલ, રચે બળિયા અલબેલા;
ભાખે દલપતરામ; ઝડપથી કરે ઝડાકા; ભિડે નહીં બળવાન, તોપના સુણી તડાકા.
ભાલા ચળકે ભભકથી, ભાળ્યુ દૃષ્ટિ બનિ હોય; કાપાકાપી કઈ કરે, ત્રાસન ઉપજે તોય;
ત્રાસ ન ઉપજે તોય, દિવસ લેખાનો લેખે; ટૂકટૂક થઈ પડે, દેહને તૃણવત દેખે;
ભાખે દલપતરામ, મરદ સાચા મતવાલા; હઈડે પામે હરખ, ભભકતા દેખી ભાલા.
માથાં રખડે મરદનાં, બાથા પણ બૂગાહિ; પડ્યા બાથ ત્યાં તરફડે, જુદ્ધક્ષેત્ર છે જ્યાંહિં;
જુદ્ધક્ષેત્ર છે જ્યાંહિ, ભયંકર ભૂમી ભાસે; બળવંતા બહાદૂર, તથાપી જરી ન ત્રાસે;
ભાખે દલપતરામ, ખડગની ધારા ખખડે; અગ્નિબાણ ઉછળે, મરદનાં માથાં રખડે.
બૂઝે બીજી વાત નહિ, ધણું રચે ધમસાણ; વેરીકેરા વાવટો, તે લેવાનું તાન;
તે લેવાનું તાન, ભાન તનનું તે ભૂલે; વેરિ વખાણે વાત, ફેરી પોતે નહિ ફૂલે;
ભાખે દલપતરામ, વિનાબાપે ધડ ઝૂઝે; ધીંગાણે ન ધરાય, વાત બીજી નહિ બૂઝે.
સાચો શૂરો તો કરે, શત્રુતણો શિકાર; કદી ન ડાંભે ડેડકાં, જન કહેશે જખમાર;
જન કહેશે જખમાર, શૂરપણું તેમાં શાનું; હણે વેરી કે વાઘ, મરદ તો તેને માનું;
ભાખે દલપતરામ, ગરિબને હણે તમાચો; કહિયે હલકું કામ, કરે નહિ શૂરો સાચો.
સાચા શૂરા જુદ્ધ સમે, હરખે હઈડા માંહિ; કાયર બાયા કાગની, યાદ કરે નહિ કાંઈ;
યાદ કરે નહિ કાંઈ, પુત્ર પરિવાર વિસારે; પૂછે નહિ પરિણામ, મરણિયો થઈને મારે;
ભાખે દલપતરામ, કરે દિલ કાયર કાચા; મંડે થઈ ઉન્મત્ત, હોય જે શૂરા સાચા.
શૂરા જન સંગ્રામમાં, ચડે હરખભર ચિત્ત; રાજ સાજ સુખ સાહેબી, તે ઉપર નહિ પ્રીત;
તે ઉપર નહિ પ્રીત, મરદ ચાલે પર મેલી; તનુજ તરુણ તજે, તજે પ્યારી પરણેલી;

[illegible]

કહે દલપતરામ, ધરધર મરદ ભરશે, કરો ભોહિત કામ, સદન કરિ સંકટ ભરશે.
પરાક્રમ સંકટથી, હરજી તજે ન હામ; સંકટથી ગભરાય તે, શું કરશે કામ;
તે શું કરશે કામ, સમય પેસે સંતાઈ, મરદ જેવો મરદ, નદી જે ઘર સિધાઈ;
કહે દલપતરામ, પ્રાણ જો જવાહુર પૂરા; કરતાં જરહિત કામ, મને નહિ સંકટ શૂરા.
શૂરાતન નહિ શરીરમાં, પુરુષાકાર પ્રમાણ; તે ગાડીનાં પૈડાં, છે વિનાનાં જાણ;
છે વિનાનાં જાણ, પ્રાણ ધરિ પથ્થરની પેઠે; ભાડુત ઘર કરે, પેર રહે કે બેઠે;
કહે દલપતરામ, ચોક નર તન ધરી તે; મરદ માનિયે કેમ, ઘરધણું નહીં થઈને.
કરે કામનાં કામ તે, શરવીર કહેવાય; જર ખરચી જસ મેળવે, કે દુરદેશ જાય;
કે દૂર દેશ જાય, દુનર શીખે હીમતથી, પરહિત કાજે પ્રાણ, તજે વળિ વળુ શીમતથી;
કહે દલપતરામ, પ્રભુ ભગતિ પાર પડે તે; શરવીર કહેવાય, કામનાં કામ કરે તે.
કામની કહેછે કંથને, ધનુ મરદ ધરિ દેહ; મેંહેર મરજીવે કામળી, પડિ ઘર ખૂણે પેસ;
પડિ ઘર ખૂણે પેસ, વેશ ભરદું વનિતાનો, જાઉં હું છતું જંગ, જમાનું જસ વનિતાનો;
કહે દલપતરામ, રહે મુજ હીમત રહેછે; તું ભાઈ હું મરદ, કંથને કામનિ કહેછે.
પ્રથમ પડી આગળ પડી, પછિ મનમાં પસ્તાય; ઉભય ભ્રષ્ટ એનો પથ, નર તે બહુ નિંદાય;
નર તે બહુ નિંદાય, વિચારી કારજ કરવું; કર્યા પછી શુભ કામ, કદી દિલમાં નહિ ડરવું;
કહે દલપતરામ, પડે પીડા બહુ ગમથી; તો પણ તજિયે નાસ, પડી આગળ પરથમથી.
અધિક વિચારી આપ બળ, કરિયે મોટું કામ; પણ આશા ધરિ પારકી, હિંમે ન ધરિયે હામ.
હિંમે ન ધરિયે હામ, બોલનારા બહુ મળશે; પણ જ્યાં સંકટ પડે, ખસી જાવા ખળભળશે;
કહે દલપતરામ; શિખામણ શુણજો સારી; કરજો મોટું કામ, અધિક બળ આપ વિચારી.

હિંમત વિષે—દોહરો.

હિંમત નરમાં હોય તો, આવે દુઃખનો અંત;
થાય પ્રસિદ્ધિ પૃથ્વિમાં, વળી થાય ધનવંત.

મનહર છંદ.

હિંમત જો હોય તો હરેક કામ કરી શકે, હિંમતથી વાઘ વશ હાથીને વિદારેછે;
હિંમતથી નારી પણ હથિયાર હાથ લઈ, મહાવન માંહી મોટા મરદને મારેછે;
હિંમતથી ભૂત પ્રેતતણો ભય ભાગી જાય, હિંમતથી મણીધર હાથમાંહી ધારેછે;
હિંમત જો હોય માહિ હૈયે દલપત કહે, બૂડતાને બાંહે ગ્રહી તરે અને તારેછે.

દોહરો.

એક રેક નહિ છોડિયે, આવે કષ્ટ અનેક;
વાળી ગાડ વિવેકથી, એ સાચવિયે એક.

ઇંદ્રવજ્રા વૃત્ત.

[illegible]

કું‍ચી વિના મસ્તક કોઇ ફૂટે, [illegible]

ઉપેંદ્ર વજ્રા વૃત્ત.

[illegible]

[illegible]

મનહર છંદ.

[illegible] પ્રતિજ્ઞા પ્રમાણે પોતે [illegible]

[illegible] પ્રતિજ્ઞા પ્રમાણે [illegible]

[illegible]

[illegible]

દોહરો.

[illegible]

[illegible]

માલિની વૃત્ત.

[illegible]

[illegible]

દોહરો.

[illegible]

[illegible]

[illegible]

હરિગીત છંદ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

દોહરો.

[illegible]

[illegible]

* [illegible]

લાંચ વિષે—દોહરા.

કહેવત જ્યાં નહિ રૂપતી, ત્યાં અંધેર જણાય; રાજા પ્રધાન શું કરે, લાંચ લઈને ન્યાય.
કૃપણ પંચો કહિ કહિ કરે, દિકાકાર† પોકાર; તોયે લોક જે લાંચિયા, લાંચ ન તજે લગાર.

ભુજંગી છંદ.

અરે લાંચિયા ચાંચિયા ચોર જેવા; અધર્મી થયા આંધળા કેમ એવા;
કહો કાનમાં કેમ કીડા ખરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
ખરી નોકરી લાંચ ખાઈ ખુએછે, જનો કેદમાં કૈક જાતા જુએછે;
દુરાચારિ દુષ્ટો દિસે ક્યાં ડરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
પડે ગડગડે તોપના જેમ ગોળા, બહુ ઉછળે નીતિના બોધ ભોળા;
ધરી કાનમાં ધ્યાનમાં ક્યાં ધરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
નથી છોડતા ચાલ લાંચો ક્રિયાની, છવી વાત છે, તે નથી છેક છાની;
દુરાચાર તો આચરે આચરે છે, દિકાકાર પોકાર કેવો કરેછે.
નથી જાણતા જે જશે લોક લજ્જા, નથી જાણતા જે થશે મૃત્યુ સજ્જા;
ભલી ભાત ભંડાર પાપે ભરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
ભલે ભૂખ નાણું ખાનતો જ્યારે, અહિંથી જતાં સાથ અલ્પે ન આવે;
અરે ઓઢિ મેલી જતું આખરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
વડાં ઝેરનાં બીજ જો કોઈ વાવે, નહિ દ્રાક્ષ કે દાડમી, હાથ આવે;
છને ઝેરના ઊગતા ફળ ફરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
ભલે દીસતું તો ભલું ડોળ રાખે, લગારે કદી લાંચનો લાગ ચાખે;
જાણે લે ઠગારો નઠારો ઠરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
થશે ઉપરી ઈશ્વર બોધ આપશે, અધર્મી મુઆએ સ્વપ્ને ન જાણ્યો;
મહા પાપ માથે સહુને ગરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
તજી પ્રીતિ વિકાર કોઈ ધરેછે, તજીને સુધા ઝેરને સંઘરેછે.
તજી ઉજળી* ન્યાયરીતિ વરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
જુઓ ન્યાયની કોરટો કે કચેરી, જુઓ દેવડી રાજના કામ કેરી;
ઘણાં લાંચિયા લાંચિયાં ત્યાં ફરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.
દમારા ઘણા માનથી દાન લાગે, દિસે ફુલિયા જેવ ફાવદારોને;
અરે આપે એવી કમાઈ ધરેછે, દિકાકાર પોકાર કેવો કરેછે.

† અમદાવાદનો દીકાકાર નામે એક છાપું હતું.
* આચરે જાહેર મરકામાં * હોડી—જાંપડા.

દોહરો.

[illegible]
[illegible]

કુસંપ વિષે.—દોહરા.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જોર વિષે.—દોહરા.

તન બળ, મન બળ, બુદ્ધિબળ, સર્વે ન [illegible]; [illegible] તેને નહિ હાણ.
આપ્યું સૌને ઈશ્વરે, ઓછું ઓછું [illegible] જોર; જોર ખુએથી સર્વને, [illegible].
[illegible] બુદ્ધિએ જોરથી, [illegible]; [illegible], કરત જગતમાં રાજ.
જે નિજબળ જાણે નહિ, [illegible]; [illegible] આમળ [illegible].
પોતામાં પોતાપણું, હોય તોજ સૌ રહેલ, હોય તોજ દીવો બળે, દીવામાં હોય તેલ.
શરણું આવે તેહને, [illegible] નહિ કામ; જુઓ કહિયે ચોકલે, [illegible].
ગાજે ખરો [illegible], [illegible]; [illegible], પણ [illegible].
હિકમત ધરે હજાર પણ, [illegible]; [illegible], કંઈ કદી ન [illegible].

જોબનનું જોર—ઇંદ્રવિજય છંદ.

અબ્ધિ‡ ઉલંઘન હામ ભરે, પછિ કેમ ધરે બહુ બીક કુવાની;
ડેડકિઓ દિલ કેમ ડરે, સમરા કહિ સિંહ સમીપ સુવાની;
હોમિ મણીધરને દિલ હાથ, મનાય બિતી મનમાં ન મુઆની;
સત્ય કથા દલપત્ત કથે, જીવ જોબન જાણિ જુઓ ન જુવાની.

+ એક ગરીબ માણસે કહ્યું કે લુંટારા મને લુંટવા આવ્યા ત્યારે મેં મારાં લુગડાં વેગળે વેગળે ફેંકી દીધાં તેથી લુંટારાને દોડી દોડીને લેવાં પડ્યાં.

× કાગારોળ—એક કાગડો પકડાઇ જાયતો ઘણા કાગડા મળીને સોરબકોર કરેછે તેમ કરવું તેનું નામ કાગારોળ. † લોડું મેંઢો. ‡ અબ્ધિ—સમુદ્ર.

મનહર છંદ

સિંહને શિકાર કરનાર નર નિરખીને, બોલે એક આજ આવ્યો સિંહનો મેળાપક;
અજુ સુધી મારો આપ વિચારથી વેર જાય, એથી મારે એની પાસે થકી જવા આવતાં;
ઠુકારો મારી સિંહે આવને શિકારી નાંખ્યો, કશું ગાજ્યો એને આવ્યો મને સમજાવતાં;
અંતર વિચારી આપ, કહે દલપતરામ, શિકારીને ન ગમે કારણ શિખાવતાં.

નિર્બળ વિષે.—દોહરા.

નદીના પણ અજાતશત્રુ, આપથકી સૂળ સહેવ; નદીનાં ગડુ નીચાં મળી, ઠીક મોટા મહેલ.
પાણી અગ્નિની મદદથી, બળતર થયું ઉપાય; રાખે શરણું નિર્બળો, સર્પ નાંદરાં સદાય.
ડુંગરા નિર્બળ સદા, એવું નહીં ધનવાન; ધણ રાખ સ્વયંભૂ, આપ આરંભ દાન.
સાધો આવકે ભૂખમાં, ધીખરીમાં નહિ ચાર; સૂએ ખાઈ આખરી, રાખે રાજ્ય ભાર.
અભિમાની સદુ નિરંકુશ, નિર્ભયનેજ નસાય; પાપનો ભાગે નહિ, લોભ પ્રજાની આય.
નિર્બળ જન નિંદા કરી, કહે મનનો રોગ; પામે શોકરાંક ગમ, આપ દઈ સંયોગ.
જે જન એનો ખાઈ રહે, તેની લાજ ગણાય; કામ પડે જો ચૂકડે, પહેરતાર ઘરમાય.
કહ્યું વડાની વાતમાં, સુખે ગરીબનો સાર; ભૂગળ એક અવાજમાં, ઘાં તૂતીનો નાદ.
કહો એક શા કામનો, જેથી ન સરે અર્થ; જાનો ગણ નિશ્ચિંત ભલો, વળી એક પણ વ્યર્થ.
નબળાપોર ખાલી શકે, એવા કેક ઉપાય; ભાગે શિર ઉદર પણ, કાંટો નહિ કઢાય.
નબળા સબળા સર્વને, કરતા દીઠા કામ; વળગી પીડા પેટની, તેથી અરજ તમામ.

પેટ ભરવા વિષે.—દોહરા.

શું રાજા સરદાર શું, મોટા માજીસ્ટ્રેટ; સઉને વળગ્યું સર્વદા, પાપ રૂપ આ પેટ.
પશુ, પક્ષી, સૌ પ્રાણિને, નર જાતીને નેટ; દુખ ઉપજાવે દિલ વિષે, પાપરૂપ આ પેટ.
પાખંડવર ને ચોરટા, કરે વિજોગે વેઠ; સમજો કારણ સર્વનું, પાપ રૂપ આ પેટ.
વહાણ ચડીને વીચરે, સમુદ્ર રસ્તે શેઠ; કુટંબથી અળગો કરે, પાપ રૂપ આ પેટ.
કરે શિકારી ચાંચરી, અરણ્યમાં આ ખેટ×; રખડાવે છે રાનમાં, પાપ રૂપ આ પેટ.
ન્હાના મોટા ભાઈનો, વેરી થાય વચેટ; સ્નેહ તજાવે સર્વ શું, પાપ રૂપ આ પેટ.
મુની જનોના મન વળી, લોભે કરે લપેટ; નાશ કરે નીતીતણો, પાપ રૂપ આ પેટ.
પાડે મોટા પહાડને, હળવી પણ હડફેટ; તો તરણાને શું ગણે, પાપ રૂપ આ પેટ.
વૃષ્ટી નીર તરંગથી, બોળી નાંખે બેટ; તો શું રાખે ટેકરી, પાપ રૂપ આ પેટ.
શોણિત શોષે શરીરનું, જેમ વિવેક વિવેટ; લીલાને સૂકું કરે, પાપ રૂપ આ પેટ.
સંસારી જન શું કરે, ભગવત કેરી ભેટ; પાળ પાળની વળગી ભલા, પાપ રૂપ આ પેટ.
જીવતાં સુધી જન કદી, કરી ન બેસે ઠેઠ; દાડાને દલપત કહે, પાપ રૂપ આ પેટ.

× આખેટ—શીકાર.

પેટમાંથી આવે ભાર, ફિકરથકી [illegible] [illegible]
[illegible]

ચડતી પડતી કરમ વિષે—કવિત.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
બાન ભરી અત્યમાન છે, ચડતી પડતી [illegible] [illegible] ચાલી.
[illegible]
[illegible] દિવસ [illegible] વિશ્રામ.
[illegible] દિન ચડતો દિસે, પડતી [illegible]
દિવસ [illegible]

દૈવકરમની પડતી—ચોપાયા છંદ.

પંડ્યા, પાઠક, ભટ, પુરાણી, રાખે છે શુભ રોગ;
મુનસી, ગિરતર, બણિક, બહાદુર, શુભ પામે સંતોષ;
કારજ તેનું કહ્યા કાજે, જોશિ જુએ શું જોગ;
ચડતી પડતી રીત સાસતી, દૈવતણો નહિ દોષ.

દોહરા.

ધરની કુળની દેશની, જ્યારે પડતી હોય; કરે પરસ્પર દેખીને, કરે પતિજ નહિ કોઈ.
જેમ મુસાફર મહમદી, કાફર જનને જોઇ; હરયકી દિલમાં ડરી, કાફર જાણી કોઈ.
ત્યારે તેને જનફરે, કહ્યું ઉર ધરી ઉમંગ; કેમ ડરે છે બાઈતું, હું છઉં તુજ સંગ.

ઇંદ્રવિજય છંદ.

એકલ અંગ થવા ભયભંગ, ઉમંગથી હું શુભ સંગ ચહું છું;
પી શુદ્ધ પાણી ભલો જન જાણી, પ્રમાણિક થૈ પ્રિયવાણિ કહું છું;
સંગત આશ વર્યો કરિવાસ, ઉદાસપણે શિર ત્રાસ સહું છું;
બેશ મુસાફર હું નથિ કાફર, જાફર નામ મુસાફર છું છું.

---

† એક કાચ એવી જાતનો થાયછે કે તેમાં જોવાથી માણસ પોતાનું રૂપ મહા વિકરાળ દેખે.

દોહરા.

માન્યું નહીં મુસાફરે, કર્યો નહીં વિશ્વાસ; અંદર પણ નિજ છત્રમાં, તેણી પામ્યો ત્રાસ.
જન જાતે જૂદા પડી, રહ્યા ઉજાગરો રાત; એક બિજાને ઓળખી, પસતાયા પરભાત.

દુઃખ વિષે—દોહરા.

સુખ-દુખ સરજ્યાં ઇશ્વરે, દયા ધરિને એમ; કડવાં મીઠાં ઓસડો, પાય જનેતા જેમ.
દુખ દેવું પણ દેવનું, દયા ભરેલું કામ; ગદા દયાથી રોગિને, દેછે વૈદો ડામ.

છપ્પો.

તપે સુરજનો તાપ, શોધિયે શીતળ છાયા;
ટાઢ પડે અણુતોલ, કપડથી મઢિયે કાયા;
વરસે જો વરસાદ, રચી રૂડું ઘર રહિયે;
જો દુઃખ દે જન કોઈ, કોઇ આગળ જઇ કહિયે;
કરિયે જો થાય ઉપાય તો, નહિતો સઘળું સાંખિયે;
પણ દૈવ ઉપર દલપત કહે, રોષ રદે નવ રાખિયે.

દોહરા.

પ્રભૂ કરે તે પ્રીતથી, સહેવું ગણિને સાર; પ્રભુ સમ કો સારો નથી, દીન દયાળ ઉદાર.
મોટી વેઠે આપદા, તેનો જશ ઉચરાય; નળ, પાંડવ, ને રામની, વાતો બહુ વંચાય.
જ્ઞાની કે અજ્ઞાનિ જન, સુખ દુઃખ રહિત ન કોઇ; જ્ઞાનિ ભોગવે ધૈર્યથી, મૂર્ખ ભોગવે રોઇ.
ગર્વખટે સુખઅવસરે, દુખઅવસર ડરખાય; જે રાખે અક્ષર લખી, આ દિન પણ વહિ જાય.
મરદ દરદમાં ગરદ પણ, મરદ ગણે નહિ દરદ; દરદ કહે તે મરદ નહિ, દરદ સહે તે મરદ.
સંકટની શંકા પરે, તોપિ ન કાંઈ કરાય; શીખે તરવા શાંતિથે, જો જળમાં નહિ જાય.
પસ્તાઇશ નહિ પીંપળા, પેખિ પાનખર માસ; સદા નહિ રહે આ સમય, તનમાં ન ધરિશ ત્રાસ.
સુખ પાછળ દુઃખ દેખિયે, દુઃખ પાછળ સુખ હોય; દિવસ ગયેથી પડે, રાત્રિ પછી દિન જોય.
કષ્ટ સહન કીધા વિના, પર ગુણ ન પમાય; પારો તાપ અધિક સહે, ઉંચો એમ જણાય.
દયાળુ નિજ દુખ દેખિને, પરદુખ કરે વિચાર; નિંદવ ન્યાળ થયા કહે, ખડે ઉતરી પાર.
હરકત કદી ન હોત તો, શોભત નહિ સંસાર; કદી ફિકર નહિ હોત તો, આપત સિદ ઘરબાર.
પાડે ભાખ આને અટલ, પાવક ફિકર પડીજ; પણ આધારભુપી સરસ, નહિતો નાશ નકીજ.
સુખ દુઃખથી હરખે રખે, ગુણા પડી પસ્તાય; સ્વપ્નમાં ચૂરે હસે, જાગ્રત થઈ શરમાય.

ઇંદ્રવિજય છંદ.

સેજ સુતાં શત વર્ષ વિતાં, ભમતાં ભમતાં સ્વપને અમથામાં;
ચાકર કૈક વિના સુખ માંહિ, ભટ ધનવાન થકી અમથામાં;
જાગનિ થાય સવાર ઉઠી કહિ, આપઃ આખ પડી અમથામાં;

[illegible]

[illegible]

[illegible]

ઇંદ્રવિજય છંદ.

[illegible]

મનહર છંદ.

સમયમાં જો સાચ લાગે તો પડી વિપતિ તેને, દારખાનું ખુટયાથી જે કુમારનું ખાલીછે;
સુદામ કે કંગાલ તો હોય દલગીર, યાર, જગતમાં મોટી ભુંડી કેમ જે કંગાલીછે;
કામમાં જો કાંટા વાગે કાળજમાં ડુંપ વાત, બાક વિચારી જે ગંડુ રોંધુ નિહાળી છે;
દુઃખ સુખ દુનિયામાં માન્ય દલપત કહે, વિવેકી તો વિવેક વિચારી ગમ ચાલેછે.

દોહરા.

એક તરફનું સુખ જો, એક તરફનું ભય; રગ બેઠી ચોરાતણી, ગીને નહિ જોવાય.
સુખ ભોગવવામાં વસે, દુઃખ અને ઉપહાસ; પાદાને પડ્યાતણો, તલભાર ન મળે ત્રાસ.
આપે જો આરોગ્યતા, કરુણા કરિ કર્તાર; દુનિયામાં દલપત કહે, એ સુખ અપરંપાર.

---

† ઉમારગ—અવળો રસ્તો.

ફરજનું ધ્યાન રાખે, એવો મિત્ર ગણ; પરિણામે સુખ પ્રતીત, બરોબર એ વિચાર.
[illegible]

કરજ વિષે—માળા છંદ.

અતિ અધિક અરજ, કરજ કરિ કરિયે, પ્રતિ દિન દિન વધુ. વિષ અતિ કરિયે,
દિલ સાચ ધરિ, વિકળ ન રહવું; કરિ જાતિ જાવિદ, કરજ નહિ કરવું.

દોહરો.

નામ રામનું સાંભળી, હું પામું ઉલ્લાસ;
નામ રામનું* સાંભળી, હું પામું ત્રાસ.

મનહર છંદ.

માણસ મરણનું સ્મરણ નથી રાખતું ને, કાળનું કારણ રચ્યું રાખે છે સંસારનાં;
જાણીજાણી વિસરી ગયા તે મને વિસરી ગયા, જાણતાથી જાય નથી વીસરી વિસારતાં;
લાજ પામ્યો લાજ લઈ રાજના સમાજ મધ્ય, વીતકની વાત લાજ આવે છે વિચારતાં;
કહે દલપતરામ સજ્જન તમામ આમ, દીલમાં ધરો કરજ કરજ વધારતાં.

ઇંદ્રવિજય છંદ.

વૃદ્ધ પણું હવિછે વળતી, અવની તળ ઉગિ અને નથિ ઉગ્યો;
જ્યાર પછી ગિરનાર ડગે, દરબાર દિનારને કારણ ડૂલ્યો;
વીતક વાત વિચારિ વખાણુંથિ, ઢોંગટ હાથિ ફરે નહિ ફૂલ્યો;
દીનપણે દલપત કહે હજિ, ભીખનું ભોજન હું નથિ ભૂલ્યો.

દોહરા.

કરજ કરીને જે કર્યા, ખોટા વરા ખચીત;
ખરેખરા ખોટા વરા†, ચરચર બાળે ચિત્ત.
હળ સેખણ ખત ખેત્રને, વ્યાજ ભેજ વડિવાડ;
વિષ બિજ નાણું વાવિએ, પાય ઝેરનાં ઝાડ.
ઋણ ઉપર તે કાંધિયા, ઘડતાં જન અભડાય;
વ્યાજ ખોર પણ કાંધિયા, બમણું ત્રમણું ખાય.

ચતુર્થ પદ શુભ.

માગે ત્ર ગણા તેહનો, નોય મિલાપ પવિત્ર;
સાખ્ય ચું થાય બજારમાં, માનો સાચું મિત્ર.

---

* વ્યાજ ગણવાના આના. † ઋણ-કરજ. ‡ ખોટાવરા-લાકડાનો સંળકનો અંગારો કહેવાય છે તેમ છાણાનો વિંખનો ખોટાવરો કહેવાય છે.

કરજ ન કરવા વિષે—પદ. (વિવેક વણજારાનો રાગ)

મારૂં કહ્યું તમે માનીને, દિલે ડરજોરે, તક આવે નઠારી તોય કરજ નવ કરજોરે;
કરજથી ભુંડું કશું નથી, દિલે ડરજોરે, હઈડે જો કાંઇ બુદ્ધી હોય, કરજ નવ.
અંગ ઉધારે ઉપાડતાં, દિલે ડરજોરે, લેણદારના થઇએ ગુલામ, કરજ;
સઘળાં કથન સાંખવાં પડે, દિલે ડરજોરે, એથી આખર ખોઇએ આમ, કરજ.
બાણ જેવું તીખું બોલશે, દિલે ડરજોરે, લોહી બાળીને લઈ જશે પ્રાણ, કરજ;
ઓશિયાળા થશો એહના, દિલે ડરજોરે, વળી થાશો એના વેચાણ, કરજ.
ગભરાટમાં ગભરાવશે, દિલે ડરજોરે, ગમે તેમ લખાવશે લેખ, કરજ;
પછિ નહિ પોતે પાળી શકો, દિલે ડરજોરે, મોટા કષ્ટની મારશે મેખ, કરજ.
કરજથી કંઈક કુવે પડયા, દિલે ડરજોરે, ઝાઝે ખાધાં ઝંખાઇને ઝેર, કરજ;
કંઈક જોડાવ્યા જમાનને, દિલે ડરજોરે, વળિ વાવ્યાં વહાલામાં વેર, કરજ.
વેરાગી થઈ કંઈક વહિ ગયા, દિલે ડરજોરે, કંઈક ભોગવી ભુંડી કેદ, કરજ;
માર ખાધા કંઈક માણસે, દિલે ડરજોરે, ખરે ખાતે પામ્યા બહુ ખેદ, કરજ;
પુત્ર પુત્રી વેચવાં પડયાં, દિલે ડરજોરે, પડી વેચવી† પરણેલી નાર, કરજ;
કંઈનાં કુટંબ અકળાવિયાં, દિલે ડરજોરે, બાંધિ કાઢયાં બધાં ઘર બહાર, કરજ.
દોસ્ત થતાં દેવાદારના, દિલે ડરજોરે, સુખ સર્વે ખોશો તેને સંગ, કરજ;
પતીઆની પાસે જો પેશીએ, દિલે ડરજોરે, એથી આપણું બગડે અંગ, કરજ.
કરજથકી અકળાઈને, દિલે ડરજોરે, થાય સત્યતાનો સઘ નાશ, કરજ;
વિષને કરજ ખાતાં સોહલું, દિલે ડરજોરે, અંત્યે અત્યંત ઉપજે ત્રાસ, કરજ.
વિષમ કરજ છે વિષ થકી, દિલે ડરજોરે, પુત્ર પૌત્રને પીડા થાય, કરજ;
લાંચ લુચાઇ લંપટપણું, દિલે ડરજોરે, દુષ્ટ કરજમાં ગુણ દેખાય, કરજ.
કરજદાર કારભારિએ, દિલે ડરજોરે, ન કરાય અદલ ઈનસાફ, કરજ;
દેવું કરે તે દેવાળિયો, દિલે ડરજોરે, નહીં દેવું તે સાચો સરાફ, કરજ.
એક રામ ચડતાં થયું, દિલે ડરજોરે, ધુળધાણી રાવણનું ધામ, કરજ;
સોળ રામ જેને શીર ચડે, દિલે ડરજોરે, દેખે શી ગતિ દલપતરામ, કરજ.

ફૂલણજી વિષે—ચોપાઈ.

જો આવે પીવા કે વરો, ખૂબ ફુલાવ્યો ફૂલે ખરો;
દેવું કરિને ખરચે દામ, તે નરનું ફુલણજી નામ.

---

† એક કડવા કણબીએ કરજને લીધે પોતાની રૂપાળી બાઈડીને વેચીને છેડા છુટકો કર્યો હતો, તે તેના નાતીલાએ લીધી.

કરિ કચેરિ કરૂણા પ્રાય; બાળક ઘરમાં બાંઠી ખાય;
એવણાં કામ કરે જે આમ, તે નરનું કૂલક્ષણું નામ.
સખિ દેખાડે નાણું લાખ, રોકડમાં ચૂલાની રાખ;
કરે કરોડપતીનાં કામ, તે નરનું કૂલક્ષણું નામ.
હુંડી લખ્યાના હોય ન હોશ, કદિયે પણ જઇ શકે ન કોશ;
હજાર કોશ ચલાવે હામ, તે નરનું કૂલક્ષણું નામ.
ડેલિ ઉપર દીવાનો જોર, ઘરમાં તો અંધારૂં ઘોર;
ઠાઠ રચે વેશીને ઠામ, તે નરનું કૂલક્ષણું નામ.
દેડકું દેખી દિલમાં ડરે, સિંહ સાથ લડવા સંચરે;
પ્રથમ પિછાને નહિ પરિણામ, તે નરનું કૂલક્ષણું નામ.
એક અક્ષરની નહિ યાદ, વદે વેદ પંડિતથી વાદ;
ગણે મુરખમાં પ્રથમું ગામ, તે નરનું કૂલક્ષણું નામ.
બીજાની ઓથે બડબડે, વળી વિજય પામે તે વડે;
તે જાણે નિજ જોર તમામ, તે નરનું કૂલક્ષણું નામ.
ઓઢે જે ઉનાળે સાલ, ચંદ્ર છતાં પ્રગટાવે મશાલ;
કારણ વિના કરે ધુમધામ, તે નરનું કૂલક્ષણું નામ.
દીઠામાં તો ખાસા દેજ, બને વખત ત્યાં ફરિ બેસેજ;
ખડે ખરો પણ દે ન બદામ, તે નરનું કૂલક્ષણું નામ.
બોલે મોટા મોટા બોલ, તેમાં પૈસાભાર ન તોલ;
સમાર મોઢે નહીં લગામ, તે નરનું કૂલક્ષણું નામ.
આદરિ શક્તિથકી ઉપરાંત, ખાલી મોટી રાખે ખાંત;
દિલપી કહેછે દલપતરામ, તે નરનું કૂલક્ષણું નામ.

ઇંદ્રવિજય છંદ.

સાંગર સાત તરે સહેજે તો, તત્વતણી ગણુતી કરિ તેને;
દેહલિ દે ડગના કદિ ડુંગર, આકળશું ફળ શું પડિ એને;
આવળિ સાપ બરે ખડુ બાપ, કરો પઢિ ગેહ ગમે દિલ તેને;
કોટિ હિસાબ કિયો દલપત, જપા જપની ગનતી નહિ જેને.

દોહરો.

અડબંગ હાર ઉઠાડીને પળ ન કરી પાર;
પરમ રંગનો રહે, એવી દલાલ આર.

ફૂલણજીની ગરબી.

"વાલા તમારી મોહની રહી છું લાગી રે વાલાજી." એ રાગની.

ફૂલણજી તમે ફુલાયા કેમ ફુલાઇરે, ફૂલણજી;
આ ઉગાર ખરચનો આડસો કેમ ઝૂક્યા, મારા ફૂલણજી.
કરજ કરીને ઘરા ભલા તમે કીધારે, ફૂલણજી;
આ ગરથ પરાયા ખરચીને જશ લીધા, મારા ફૂલણજી.
પર વેશીને ઘી સાકરતો દીધારે, ફૂલણજી;
આ જમણ સરસ સાગોવડિયાળી કીધાં, મારા ફૂલણજી.
પીતાંબર પેહેરી પંગતમાં ફરિયારે, ફૂલણજી;
આ મનમાં ફુલ કરી મુછે કર ધરિયા, મારા ફૂલણજી.
વળતો દિવસ થયો કે માગે નાણાંરે, ફૂલણજી;
આ નાણાંનાં તો ન મળે ક્યાંઇ ઠેકાણાં, મારા ફૂલણજી.
ફૂલણજી ઉપર અરજી થઈ ત્યાંથીરે, ફૂલણજી;
આ જપત થઈ મિલકત કાઢાડ્યા ઘરમાંથી, મારા ફૂલણજી.
ફૂલણજી તમને જેણે ફુલાવ્યાંરે, ફૂલણજી;
આ તે તો કોઈ મદદ કરવા નવ આવ્યા, મારા ફૂલણજી.
ફુલણજી તો કુવો શોધવા ચાલ્યારે, ફૂલણજી;
આ ગરથવિના તે અફીણ ન કોઈએ આલ્યાં, મારા ફૂલણજી.
જમતી વખત વખાણ ભલાં જે કરતારે, ફૂલણજી;
આ એ સહુ હાસ્ય કરે નિંદા આચરતા, મારા ફૂલણજી.
એ અવસર તો અધિક વખાણી ચડાવ્યારે, ફૂલણજી;
પણ આ અવસર તો બેવકૂફ ઠરાવ્યા, મારા ફૂલણજી.
પેહેર્યાંને પટકુળ બાંધ્યા ચંદરવારે, ફૂલણજી;
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરવા, મારા ફૂલણજી.
ફૂલણજીની રાંડ રૂએ મોં વાળીરે, ફૂલણજી;
આ ફૂલણજી સોધાવ્યા ટેકો ટાળી, મારા ફૂલણજી.
ભોળાને નરસી શિખામણ દેશેરે, ફૂલણજી;
તે નીશાશાનું પાપ ઘણું શિર લેશે, મારા ફૂલણજી.
દિલમાં દલપતની શીખામણ ધરજોરે, ફૂલણજી;
તો કરજ કરીને નાત વરો નવ કરજો, મારા ફૂલણજી.

[illegible]—દોહરો.

[illegible]
[illegible]

[illegible] છંદ.

[illegible]
[illegible]

દોહરો.

[illegible]
[illegible]

કુંડળિયો.

કર આંગળિયે કરણી, ત્રિઠી આવે વારઃ કરણી તેતો કરતાં, નવજે આવે નીરઃ
નવજે આવે નીર, કલ્પના તે પર કરતાં, મગના મન રાંપડે, ત્રિકમ પાસે વાતરતાં:
દાખે દલપતરામ, રચી પચિને જે રળિયે; ને તો પળ[illegible]વરાય, કહ્યો કર આંગળિયે.

દોહરા.

મોટા ખરચ કરતું જગ્યું, ભાતું અધિક નહિ થાય; લેખણ ગરીબ ખર્ચું ભર્યું, નહિ કેરી રસ નાઈ.
નિજ ઘરનું પરનું ઘરે, ત્યાં તેવો મન રંગ; કરકજ પખત્નું વેતરે, મોચિ વેતરે તંગ.
કરે જગતમાં કરકસર, જુઓ જગતનો ધણ; પ્રકાશ ત્રીશ પછી કરે, અંધારું ઘડિ ત્રીશ.
ઈશ્વર પણ કરકસરનો, રાખે રૂડો વિવેક; મસ્તક આંખ વચ્ચે રચ્યો, દિવો દિવાકર એક.

કંજુસ વિષે.—આર્યા વૃત્ત.


ઉદારનું કંજુસનું, ખરચ બરાબર જૂઓ કરિ તપાસ;
દિન અગ્યારે ઓછું, ચાંદ્ર વરસ તો વધે અધિક માસ.

દોહરા.

ઉદાર નરનો કૃપણનો, સરખો વરો સદાય; કસર કર્યે કંજૂસનું, લાખ રીતે લુંટાય.
મોટા જાણી મન વિષે, અચળ ન ધરિયે આશ; સુપડો ન કોઈ સુખાયયો, તાડતળે રવિત્રાસ
કૃપણ સૂમના કર વિશે, પૈસા પુસ્તક જાય; પંપાળે પાસે લઈ, એ ઉપયોગિ ન થાય.
સિંહમૂછ મણિધરમણી, સતિતન કંજુસ આપડું; ચડે ચાર એ એટલાં, પ્રાણ ગએ પરહાથ.
લે લૂટી ધન કૃપણનું, કાં રાજા કાં ચોર; ખ ખેરાએ ખાસડે, ખોરડિ કેરાં બોર.
કંજુસ કેરું કાળજું, કાળો પથ્થર હોય; જુગ આખો જળમાં રહે, પણ પિગળીત ન હોય.
મધમાખી મધ ખાય નહિ, સંચ્યા કરે સદાય; તો તેનાથી અન્યને, એ મધ કેમ અપાય.

---

૬ આપ-રુચિ.



અતિ ઉપયોગી સંગ્રહ કરવા લાયક નવીન પુસ્તકો.

હ્યો, હ્યો, રૂ. ૨નું પુસ્તક રૂ. ૧॥ માં જાય છે.

ફક્ત એકજ મહિનામાં ૧૯૦૦ નકલો ખપી ગઇ બાકીની ૩૨૦ માંથી દર રોજ ખપતી જાય છે.

નિરૂદ્યમીને ઉદ્યમ અને નિર્ધનને ધન આપનાર.

હુન્નર સાગર ભાગ ૧ લો.

આ અતિ ઉપયોગી ઘણા ચમત્કારી અમુલ્ય ૨૦૦૦ હુન્નરોનું નવીન પુસ્તક દરેક માણસે સંગ્રહ કરવા લાયક છે તેવી તેની બોહોળી ખપત ઉપરથી ખાત્રી થાય છે, એટલુંજ નહીં પણ તેના માટે મોટા આબરૂદાર ગ્રહસ્થો તરફથી ઘણા સારા અભીપ્રાય મળેલાછે. હવે તેની બીજી આવૃતી છપાવવાનો વિચાર થવાથી હાલમાં થોડી રહેલી નકલો જલદી કહાડી નાંખી તેનો હીસાબ બંધ કરવા માટે તેની કીંમતમાં રૂ. ૦॥ ઘટાડી રૂ. ૧॥ કરવામાં આવ્યો છે. પોસ્ટેજ બે આના. જોઇએ તેમણે તાકીદથી મંગાવી લેવું. રોકડેથી તથા વેલ્યુપેબલથી પણ મોકલવામાં આવશે. દશ નકલ રાખનારને એક મફત.

આ પુસ્તકમાં હુન્નરોના ઇંગ્રેજી ગુજરાતી અને મરાઠી વગેરે ભાષાના પુસ્તકો તથા ચોપાનીયામાંથી ઘણા સહેલા અને થોડા ખરચમાં ઘણો લાભ આપનારા તથા ઘણાખરા અજમાવી ખાત્રી કરી લીધેલી કહાડેલા ૨૦૦૦ હુન્નરો નીચે મુજબ ૨૬ પ્રકરણોમાં સમાવેલા છે.તે ટુંકામાં જણાવું છું.

પ્રકરણ ૧ લું હુન્નર ૮૩ પરમેશ્વરે ઉત્પન્ન કરેલી ચીજો બનાવવાના પ્રકરણ ૨ હુન્નર ૧૧૪ જુદી જુદી ધાતુઓ મિશ્ર કરી ગમે તે ધાતુ બનાવવાના. પ્રકરણ ૩ હુન્નર ૩૦ વિજળીની મદદથી ગમેતે ધાતુ ઉપર ગમે તે ધાતુનો ગીલટ (ઢોળ) ચડાવવાના. પ્રકરણ ૪ હુન્નર ૪૧ વિજળીની મદદ શિવાય ઉપર પ્રમાણે ગીલટ (ઢોળ) ચડાવવાના. પ્રકરણ ૫ હુન્નર ૪૨ ઘણી જાતના અત્તર તથા અર્ક કાઢવાના. પ્રકરણ ૬ હુન્નર ૩૭ ઘણી જાતના એસેન્સ બનાવવાના. પ્રકરણ ૭ હુન્નરે ૪૨ ઘણી જાતના સુગંધીદાર તેલ, ખુશબોઈ તથ

ઘણી જાતના પોમેટમ બનાવ

ઘણી જાતની શાહી બનાવવાના. પ્રકરણ ૧૦ હુન્નર ૮૯ ઘણી જાત
કાચ બનાવવા તથા તેને જુદા જુદા રંગ દેવા તથા તેમાં અક્ષર
વીગેરે પાડવાના. પ્રકરણ ૧૧ હુન્નર ૪૩ નકશી, ચિત્ર તથા કોતર
કાચ, ધાતુ લાકડાં હાથીદાંત, પથર વગેરેમાં પાડવાના. પ્રકરણ ૧૨ હુ
૫૦ ઘણી જાતના તથા રંગના સુગંધીદાર સાબુ બનાવવાના. પ્રકરણ
હુન્નર ૧૦૫ લાકડાં માટે ઘણી જાતના રંગ, રોગાન, ફ્રેંચ પાલીસ
રનીશ તથા લાકડાં કદી આગમાં બળે નહીં તેવી મેળવણી બનાવવા
પ્રકરણ ૧૪ હુન્નર ૬૪ ઘણી જાતની તથા રંગની લાખ બનાવવાના.
કરણ ૧૫ હુન્નર ૬૫ ઉન તથા રેશમના કપડાંમાંથી તથા બીજી ઘણી
જેમાંથી ભેગ પારખવાના. પ્રકરણ ૧૬ હુન્નર ૭૭ કપડાં, કાગળ, વા
ણો વગેરે ઉપરથી ચીકાશ વગેરેના ડાઘ તથા ધાબાં સેહેલાઈથી કાઢવા
પ્રકરણ ૧૭ હુન્નર ૭૭ ઊંદર, ઉધેઈ, કસારી, માંકડ, ચાંચડ, મચ્છર વગે
નુકશાન કરનારા જંતુઓને સેહેલાઇથી દુર કરવા તથા આવતાં અટ
વવાના. પ્રકરણ ૧૮ હુન્નર ૮૭ સાપ વીંછી વગેરે કરડે તેના તથા સોમ
આફીણ વગેરેના ઝેર ઉતારવાના. પ્રકરણ ૧૯ હુન્નર ૧૯૪ ઘણી જાત
રંગનું તથા રમુજી રમતો કરનારૂં દારૂખાનું બનાવવાના. પ્રકરણ ૨
હુન્નર ૨૨ દીવાસળીઓ લાકડાની તથા કાગળની ઘણી જાતની બનાવવા
પ્રકરણ ૨૧ હુન્નર ૭૪ શરીર સુશોભીત કરવાના તથા ચામડીની કરચોલ
શીતળાનાં ચાઠાં, છુંદણાના ડાઘ, ગસા વગેરે કાઢવાના તથા વાળ સ
બંધી ઘણા હુન્નરો. પ્રકરણ ૨૨ હુન્નર ૧૯૦ સુતર, રેશમ અને ઊન
થા તેનાં કપડાં ઉપર ઘણી જાતના રંગ ચડાવવા તથા દેશી ચીજોમાં
જુદા જુદા રંગ બનાવવાના પ્રકરણ ૨૩ હુન્નર ૫૮ ચામડાંને ઘણી જાત
રંગ દેવા, પાલીસ કરવા, પાણીથી બગડે નહીં તેવા કરવા વગેરે. પ્રકર
૨૪ હુન્નર ૩૨ કાગળ ઘણી જાતના બનાવવા તથા તેને રંગવા. પ્રકર
૨૫ હુન્નર ૬૫ વિલાયતી ઇંગ્રેજી દવાઓ બનાવવાના. પ્રકરણ ૨૬ હુન
૨૧૨ ઉપરના પ્રકરણોમાં આવી ગયા શિવાયના નવીન ઘણી જાતના પ
રચુરણ હુન્નરોનો સંગ્રહ. એ રીતે ૨૦૦૦ હુન્નરો સમાવ્યા છે. જેમાંને
એક હુન્નર હજારો રૂપીઆ સેહેજ મેળવી આપે તેવા છે. પુસ્તકના છે
ઇંગરેજી દવાઓનો ગુજરાતીમાં કોષ તથા તોલના કોષ્ટકો પણ આપેલા
જેથી ગામડાના રહીશોને પણ ઘણું ઉપયોગી થઇ પડશે. પુસ્તકનું ક
ડીમી આઠ પેજી બીબાંબીબ ભરેલાં ૩૦૦ પૃષ્ટનું થયું છે, કાગળ ઊંચા
અને મજબુત પુંઠાથી બાંધેલું છે.

હુન્નર સાગર ભાગ ૨ જો.

(૩૦૦૦ હુન્નરોનો સંગ્રહ કીંમત ફક્ત બે રૂપીઆ.)

આ પુસ્તકના પહેલા ભાગમાં આવી ગયા સિવાયના જુદા જુદા નવીન ૩૦૦૦ હુન્નરોનું પુસ્તક છપાય છે તે હવે થોડી મુદતમાં બહાર પડશે, તેના ડીમી આઠ પેજી પૃષ્ટ ૫૦૦ ના આશરે થશે. તથા ઉંચા કાગળ અને મજબુત પુઠાની બાંધણી છતાં તેની પાછળની મહેનત અને ખરચ સામું નહીં જોતાં કીંમત ઘણીજ ફક્ત રૂ ૨) અગાઉના ગ્રાહકો પાસેથી લેવાની છે. પાછળથી રૂ ૩) લેવામાં આવશે. ટપાલ તથા વેલ્યુપેબલના પાંચ આના વધારે પડશે. દસ નકલ સામટી રાખનારને એક મફત મળશે. ગ્રાહક થનારે પોતાનું નામ તથા ચોકસ ઠેકાણું નીચેના શીરનામે લખી મોકલવું.

પ્રખ્યાત કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ સી. આઇ. ઇ. કૃત.

સુબોધ સંગ્રહ ભાગ ૨ જો.

આ મહાન પ્રખ્યાત કવિશ્વરની રચેલી આ પુસ્તકના પહેલા ભાગમાં આવી ગયા સિવાયની બાકી રહેલી અમૃતરૂપી ગોઠવ ભરેલી અને દરેક માણસે વારંવાર વાંચી પોતાના દીલમાં ચોંટાડવા લાયક અતિ ઉપયોગી તથા અસરકારક સુબોધક કવિતાઓથી ભરેલું બીજા ભાગનું પુસ્તક અમે છપાવવા માંડેલું છે તે થોડાજ દીવસમાં બહાર પડશે. આ પુસ્તક દરેક કુટુંબે ઘરમાં રાખવા તથા તેનું મનન કરવા લાયક છે, એટલુંજ નહીં પણ મોટી ઉમરના સ્ત્રી પુરૂષોના ઉપયોગની સાથે પોતાના ઉછરતાં બાળકોને સદ્ગુણી બનાવવા સારૂ ઘણુંજ મજબુત સાધનરૂપ થઇ પડશે.

આ પુસ્તક સરવેને સરખું ઉપયોગી હોવાથી તેનો લાભ બધા આર્યબંધુઓથી લઈ શકાય એવા ઇરાદાથી તેની કીંમત ઘણીજ કમતી રાખી છે કેમકે આ પુસ્તકનું કદ ડીમી આઠપેજી બારીક ટાઈપ ભરેલા પૃષ્ટ ૨૫૦ ના આશરે થશે. તથા ઉંચા કાગળ અને મજબુત પુઠાની બાંધણી છતાં તેની પાછળની મેહેનત અને ખરચ સામું નહીં જોતાં તેની કીંમત ફક્ત રૂ. ૧) અગાઉથી ગ્રાહક થનાર પાસેથી લેવામાં આવશે. ટપાલ ખરચના બે આના પડશે, રોકડેથી તથા વેલ્યુપેબલથી મોકલવામાં આવશે. દસ નકલ સામટી રાખનારને એક મફત મળશે. ગ્રાહક થનારે પોતાનું નામ તથા ચોકસ ઠેકાણું નીચેના શીરનામે મોકલવું.

સુબોધ વચન.

રા. રા. વકીલ વરજરાય સાકરલાલના કરેલા સંગ્રહમાંથી તેમની પરવાનગીથી સારા સુબોધક વચનોનું આ એક નાનું પુસ્તક છપાવવા માંડ્યું છે. આ પુસ્તક દરેક માણસે નિતિ, બુદ્ધિ અને વિદ્યામાં વધારો કરવા માટે મદદ કરવા લાયક છે કીંમત ફક્ત ચાર આના પોસ્ટેજ અરધો આનો.

આઠ આનાની [illegible] કિંમતમાં [illegible] ગુણ [illegible]

[illegible]

શીખામણ સંગ્રહ.

[illegible] શીખામણની [illegible]

ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૨૦૦ કીંમત ફક્ત આઠ આના.

આજકાલ [illegible] અજ્ઞાનપણા હોવાના લીધે નાની નાની [illegible] કે તેમાં ઘણીએકવાર તો પોતાની જીંદગી [illegible] સ્ત્રીઓનાં નુકસાન થઈ જાય છે. [illegible] વીગેરે ગુજ[illegible] ભાષામાં [illegible] છે. તેથી વખતો વખત [illegible] શીખામણની ખાસ જરૂર પડી આવેછે. તે કરતાં દરેક ઘરમાં [illegible] શીખામણ [illegible] હોય તો [illegible] સંગ્રહ [illegible] અને [illegible] તથા તેના [illegible] પુસ્તકોમાંથી [illegible] શીખામણોનો સંગ્રહ કરીને [illegible]ના હિતાર્થે છપાવવા માંડ્યો છે, તો આશા છે કે આ પુસ્તકનો દરેક માણસ સંગ્રહ કરશે.

આ પુસ્તકમાં જુદી જુદી રસિક કવિતાઓના રૂપમાં શીખામણો આપી છે. જેમ કે બાળપણના માટેની યુવાવસ્થામાં લેવાની સંભાળ રોજગાર અને સંસાર વેહેવારના કામમાં લેવા લાયક. વૃદ્ધાવસ્થામાં જરૂરની સ્ત્રીપુરૂષના સંબંધની સુખદુઃખના વખતે લેવા લાયક મુસાફરીના માટેની નિતિ, ભક્તિ અને સારા આચરણ માટેની એ વીગેરે ઘણી જાતની જુદી જુદી શીખામણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકની મેહેનત અને ખરચ સામું ન જોતાં અગાઉના ગ્રાહકો પાસેથી તેની કીંમત ફક્ત આઠ આનાજ રાખી છે. પાછળથી બાર આના પડશે. દેશાવરવાળાને ટપાલ ખરચનો એક આનો જુદો પડશે. ગ્રાહક થનારે અગાઉથી કીંમત તથા ટપાલ ખરચ મોકલી દેવું.

એ સિવાય નાટકો વીગેરે ઘણી જાતનાં પુસ્તકો અમારે અહીંથી વાજબી ભાવે મળશે.

છોટાલાલ મોહોલાલ કાપડવાળા.

ઠે૦ સારંગપર તળીઆની પોળ ઘર નં. ૯૮.

મું૦ અમદાવાદ.